# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૦ | ૭ | ૧૪-૧૧-૨૦૦૭ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી
અમીત વ. પારેખ

*પત્રવ્યવહારનું સરનામું*

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
ફોન : ૨૪૪૪ ૯૯૧૬ ● ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : શીરીષ પરીખ**
બ્લોસમ કાર્ડ - ૮૮-ઈ ખાડીલકર રોડ,
૪, નારાયણવાડી બિલ્ડીંગ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ટે.(ઓ.) : ૨૩૮૬ ૦૦૨૯ / ૨૩૮૨ ૫૦૨૫
(ઘર) : ૬૫૦૬ ૯૮૦૬ (મોબાઈલ) : ૯૮૬૯૧૬૩૩૦૫

: કાર્યાલય :
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬
: સમય :
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**


# પરિસ્થિતી અને મન:સ્થિતિ

*તંત્રી સ્થાનેથી*

હમણાં એક વાર્તા વાંચી.

ગુજરાતનું એક નાનકડું ગામ. એની એક પછાત વસ્તી, ચમાર, હમાલ, શાકવાળા, લુહાર, સુતાર વગેરેની સાથે રહેતા પશાભાઈ અને એમનું કુટુંબ. પશાભાઈ સરકારી નોકરી કરતાં લગભગ ચોથી પાયરીના કલાર્ક. આજુબાજુના બીજા બધા ઘરોને ઝુંપડાં પણ ન કરી શકાય એ રીતે પશાભાઈનું ઝુંપડું. ચારબાજુ દિવાલ તો ધરાવતું હતું અને માથે છત પણ ખરી. પશાભાઈ ભણેલા એટલે આજુબાજુવાળા માનથી બોલાવતા. જરૂર પડે ત્યારે રૂપિયો બે રૂપિયા ઉધાર પણ આપે. વારે તહેવારે એમની સલાહ લેવાતી અને પશાભાઈ સાથે ઉઠવા બેસવાથી મરતબો પણ કહેવાતો. પશાભાઈના પત્ની પણ ચાર ચોપડી ભણેલા. એટલે આજુબાજુવાળા બધા એમને શેઠાણી કહીને જ બોલાવતા. કોઈનો કાગળ વાંચી આપવો કે મનીઓર્ડરનું ફોર્મ ભરવાનું હોય ત્યારે શેઠાણીની મદદ લેવાતી એના છોકરાઓ પણ પુરાં કપડાં પહેરતાં અને નાગાપુગા આજુબાજુના છોકરાઓથી જુદા તરી આવતાં. અરે પગમાં ચંપલ પણ પહેરતાં. આમ પશાભાઈ જેવા ધુળીયા રસ્તા ઉપર સાયકલ ચલાવતાં નોકરી પરથી પાછા ફરતાં ત્યારે જાણે પોતાના રજવાડામાં રાજા પાછા ફરતાં હોય એવી લાગણી થતી.

એક દિવસ પશાભાઈ મારતી સાઈકલે ઘરે આવતા ત્યારે એમનો ઉત્સાહ માતો નહોતો. બહારથી બુમ મારી, ''શેઠાણી એક ખુશખબર લઈને આવ્યો

છું, આપણી બદલી શહેરમાં થઈ છે.'' પછી તો આજુબાજુવાળા પણ એમની ખુશીમાં જોડાયા. પશાભાઈ હોંશે હોંશે વાતો કરવા લાગ્યાં. ત્યાંતો પાકી સડક હોય, સાઈકલ તો સડસડાટ ચાલે. આપણું ઘર એટલે બે ઓરડા, પાકું બાંધકામ ખબર છે ? એક ચાંપ દબાવીએ તો વીજળીનો ગોળો સળગે અને પંખો પણ ફરે. અને ફરફર હવા આવે. આમ પશાભાઈની વાતો અટકતી નહોતી. બદલીનો દિવસ આવી પહોંચ્યો. આજુબાજુવાળા બધા એમને ટ્રેન સુધી વળાવી આવ્યા. સૌ પશાભાઈ ને શેઠાણીના જવાથી દુ:ખી હતાં પણ શેઠ શેઠાણીની આંખોમાં શહેરના સપના હતા તેઓ એમનું દુ:ખ જાણી ન શકયા. પશાભાઈ પહોંચ્યા શહેરમાં. વાતો કરી હતી એવું જ ઘર અને રસ્તાઓ. શેઠ શેઠાણી ઓસરીમાં પંખા નીચે ખુરશી નાખીને બેઠા ત્યાં તો સામે જોયો એક મોટો આલીશાન બંગલો. એની આજુબાજુ ગાર્ડન અને ગેરેજમાં ગાડી. ત્યાંથી નીકળ્યા મોટા સાહેબ અને એમના મેમસાબ સાથે કુતરો. પશાભાઈ દોડતાં સામે ગયા અને સાહેબને સલામ કરી. સાહેબે તુચ્છ ભાવે એનો સ્વીકાર કર્યો. મેમસાબે તો શેઠાણી કે ઘર તરફ નજર સુધ્ધા ન કરી. શેઠાણીને તરત ગામ યાદ આવી ગયું. પશાભાઈ સાથે વાત કરતાં જાણવા મળ્યું કે એ બંગલામાં એમના સૌથી મોટા સાહેબ રહે છે. એટલે એમને બંગલો, બાજુમાં મોટું મકાન છે એ એના પછીના સાહેબનું અને આપણે ચોથી કક્ષાએ કલાર્ક એટલે આપણું ઘર. પણ આપણા જેવા બીજા બધાની સાથે ન રહેવાય ? ના કંપનીનો નિયમ છે બધા સાથે જ રહે. એક મિનીટમાં બંન્નેનું સુખ વરાળ બનીને ઉડી ગયું. ચોથી કક્ષાના તો ચોથી કક્ષાના ગામમાં ઘરે આવ્યા પછી તેઓ શેઠ અને શેઠાણી હતાં જ્યારે અહીયા આજુબાજુનું વાતાવરણ અને લોકો સતત યાદ અપાવતાં રહેશે કે આપણે ચોથી કક્ષાના નોકર છીએ.

આપણું પણ એવું જ છે ને. સુંદર ઘર સજાવ્યું હોય બધા જ સુખ સગવડના સાધનો હોય પણ બહાર ટાવર જોઈને દુ:ખી થઈ જવાય. ટાવરવાળા ડુપ્લેક્ષ તરફ જુએ અને ડુપ્લેક્ષવાળા બંગલા તરફ. આ વાત એડવર્ટાઈઝવાળા બરાબર જાણે છે. એટલે જ એડ બનાવે છે. ઉસકી ખમીસ મેરી ખમીસ સે સફેદ કૈસે ? ઉસકી ત્વચા મેરી ત્વચા સે ગોરી કૈસે ? બધામાં કંપેરીઝન કરાય છે. ૧૯૯૦ પહેલાં ભારત દેશના ગામડાઓમાં લોકો સુખી હતાં. ગામના ચોતરે ભેગા થઈને પોતાના સુખ દુ:ખની વાતો કરતાં અને પોતાના જેવા જ લોકો સાથે વહેંચતાં. ટી.વી. હતાં પણ આમચી માતી આમચી માણસ, છાયાગીત કે ફુલ ખીલે હૈ ગુલશન ગુલશન જેવા કાર્યક્રમો ને ખાનદાન જેવી સીરીયલો આવતી. ચેનલો વધી ને સોપઓપેરા શરૂ થયા. વિશાળ બંગલાઓ, ભારે સાડીઓ, દાગીનાવાળી સ્ત્રીઓ, લાખોમાં નહી કરોડોમાં થતા સોદાઓ, દેશ વિદેશના પ્રવાસો, જાહોજલાલીથી ઉજવાતા તહેવારો અને લગ્નપ્રસંગે નવી નવી ફેશનો, ડીસ્કો પાર્ટીઓ, મોટી મોટી ઓફિસો અને ગાડીઓએ લોકોને વિચારતાં કરી મુક્યા. અલ્યા આને સુખ કહેવાય. આપણી તે સાલી કંઈ જીંદગી છે ? અને લો ચાલી સુખ પાછળની દોટ. છાશ છોડીને પેપ્સીને ધોતિયાને બદલે જીન્સ, સાયકલને બદલે મોટર સાઈકલ, મોબાઈલ આવી ગયા. હવે ચોતરે જવાની શી જરૂર ? મારા ગગાને ખેતરે નથી લગાડવો. શહેરમાં જઈને મોટો સાબ બનાવવો છે. સુખ પાછળની દોટ ચાલુ જ રહેવાની.

શહેરોના લોકોની વાત કરીએ તો બધુ હોવા છતાં સતત તાણ વચ્ચે જીવતાં લોકો, બીજાથી આગળ નિકળી જવા સતત ભાગતાં લોકો, એકબીજાને પાડતાં

લોકો, ઈર્ષા અને દ્વેષમાં અટવાતાં લોકો, સ્ટ્રેસ, એસીડીટી, ડાયાબીટીસ, બ્લડપ્રેશર સાથે જીવતાં પોતાને સુખી માનતાં લોકો અને પાછું બીજાનું સુખ જોઈને પાછા ભાગતાં લોકો. આ બધા લોકો પછી શાંતિ માટે, મનના સુખ માટે, આધ્યાત્મન તરફ, યોગા તરફ, મંદીરો તરફ અને શહેરથી દુરના આશ્રમો તરફ વળે છે. ફરીથી એ જ સુખની દોટ એમને ગામડાં તરફ લઈ જાય છે.

મારા એક મિત્રએ હોન્ડા એકોર્ડ ગાડી લીધી. ખુબ ખુશ હતા. હોંશે હોંશ મને ડ્રાઈવ ઉપર લઈ ગયા અને ગાડીની ખુબી, એની સગવડ, એની કિંમત વગેરેની વાત કરતાં એના મોઢા ઉપર ખુશી ઝળકતી મેં જોઈ. પોતાની પાસે બેસ્ટ ગાડી હોવાની ખુશી. એટલામા સિગ્નલ ઉપર એક બાજુથી એક મર્સિડીસ અને બીજી બી.એમ. ડબલ્યુ આવીને ઉભી રહી ગઈ અને એક ક્ષણ માટે એના મોઢાના ભાવ બદલાઈ ગયા. એનું સુખ મેં ઝાંખુ થતું અનુભવ્યું. બધા ફેમસ લોકો, મોટા લોકો પણ સુખી જ હોય એવું જરૂરી નથી. એ લોકોને હરવા ફરવાની સામાન્ય માણસની જેમ વર્તવાની છુટ નથી મળતી એનું દુઃખ હોય જ છે. ટુંકમાં વિચારીએ તો સુખ અને દુઃખ કંપેરેટીવ ''રીલેટીવ ટર્મ'' (સાપેક્ષ શબ્દો) છે. આપણાં કરતાં વધુ સુખી અને આપણા કરતાં વધુ દુઃખી માણસો આપણી આજુબાજુ હોય જ છે. એક પગવાળો બે પગવાળાને જોઈને દુઃખી થઈ શકે છે અને બંન્ને પગ વગરના માણસને જોઈને સુખ અનુભવી શકે છે. ફલેટવાળો બંગલાવાળાને જોઈને દુઃખી અને ઝુપડપટ્ટીવાળાને કે ફુટપાથ ઉપર સુતેલાને જોઈને પોતાની જાતને સુખી માની શકે છે. કદાચ એટલે જ સાધુઓ ગુફાઓમાં કે હિમાલયમાં જઈને રહેતા હશે. જ્યાં કોઈની સરખામણીનો મોકો જ ન હોય અને કદાચ એમાંથી સુખ સાંપડે. પણ એવી રીતે જીંદગીથી ભાગવાની જરૂર નથી. આપણે આપણા સુખની વ્યાખ્યા પોતે જ બનાવવાની છે. અને એ વ્યાખ્યા પ્રમાણેનું સુખ હોય એટલે બસ પછી બીજાના સુખની ઈર્ષા કરવાની જરૂર નથી કારણ કે સંપુર્ણ સુખી માણસ મળવાનો જ નથી. એક રાજાએ એક સાધુ પાસે સંપુર્ણ સુખની માંગણી કરી. સાધુએ એને એક સુખી માણસનું પહેરણ પહેરવાનું કહ્યું. આખા ગામમાં રાજાના માણસો ફર્યા પણ દરેકને કંઈકને કંઈક દુઃખ હતું જ. કોઈ પોતાને સુખી કહેડાવવા તૈયાર નહોતું. છેવટે ગામની બહાર એક મુફલીસ મળ્યો. બે ટાઈમ માંગીને ખાતો અને


બાલાસિનોરવાસીઓનાં જાણીતા ફોટોગ્રાફર

**કિરીટ પારેખ**

**બાલાસિનોરવાસીઓ માટે ખુશ ખબર**

- લગ્ન તથા અન્ય કોઈપણ પ્રસંગનું વિડિયો શુટીંગ ડીજીટલ કેમેરાથી કરીને વી.સી.ડી.માં કરી આપશું.
- વિડિયોમાંથી વી.સી.ડી.માં રૂપાંતર કરી આપશું તેમજ PAL માંથી NTSCમાં ટ્રાન્સફર કરીને મળશે. ૧ કેસેટના રૂા. ૬૦૦/-+ કેસેટના અલગ.

**નોંધ : ડીજીટલ કેમેરા તથા મિક્સર દ્વારા જગા પર બે કે ત્રણ કેમેરાથી શુટીંગ કરીને મળશે.**

**અપેક્ષા ફોટો વિઝન**

**સંપર્ક : અપેક્ષા ફોટો વિઝન**

એ-૧, શ્રી મંગેશ પ્રસાદ કો. ઓ. સોસાયટી,
દિક્ષિત ક્રોસ રોડ, વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭.
ફોન :૬૫૨૪૭૭૮૧ મો.:૯૯૬૭૦૨૨૪૦૫

બાકીનો સમય પોતાની મસ્તીમાં પડી રહેતો. એણે કહ્યું કે હા હું દુનિયાનો સૌથી સુખી માણસ છું. પણ એની પાસે આપવા માટે પહેરણ જ ક્યાં હતું. એતો શરીર ઢાંકવા એક પોતડીથી ખુશ હતો.

સુખ અને દુઃખ એ મનનું કારણ છે. આપણે માનીએ તો સુખી અને નહીતો દુઃખી. સુખ એવું પંખી છે કે જેને પકડવા દોડો તો એ તમારાથી દુર ને દુર જતું રહે અને નહીતો શાંતિથી તમારા માથે આવીને બેસે. આપણી ભૌતિક પરિસ્થિતી સારી ન હોય તો એ બદલી શકાય. પણ મનઃસ્થિતી આપણા સિવાય કોઈ ન બદલી શકે. પણ સુખ કે દુઃખ એ મનઃસ્થિતિ છે. અને ફક્ત આપણે જ બદલી શકીએ. બીજુ કોઈ નહી. ભગવાન પણ નહી.

So Please be Happy. Happy Diwali and Happy New Year. નવા વર્ષમાં આપની મનઃસ્થિતી સુખી રહે. એજ અભ્યર્થના.

*''મૈં જીંદગીકા સાથ નિભાતા ચલા ગયા*
*હર ફિક્ર કો ધુંએ મેં ઉડાતા ચલા ગયા*
*ગમ ઔર ખુશીકા ફર્ક ન મહેસુસ હો જહાં*
*મૈં ખુદકો ઉસ મકામ પે લાતા ચલા ગયા*
*મૈં જીંદગીકા સાથ નિભાતા ચલા ગયા.''*



*✍ નિખિલ પરીખ*

# મેળવેલી વિદ્યાને વતનમાં મુલવો

પૂર્વ અને પશ્ચિમ, બંન્ને કોન્ટ્રાવર્સિસ બધી રીતે જ ઉલટી ગંગા પૂરબનો રોટલો, ઓટલો, અને ગોટલો(કેરી) છોડી, વિદ્યા મેળવવા અને કાયમી વસવાટ માટે અમેરિકા સ્થાયી થાય પરંતુ ત્યાનાં બિગ બિગ રસ્તા, બિગ બિગ હાઉસ, બિગ બિગ ગાડી અને સુવાળી બ્રેડ અને વળી માનવીના મનને ડોલાવે એવી હોટ ડ્રિંકસની બોટલો, ગ્રીન કાર્ડ વાળી છોકરીઓ તથા સીટીઝન હોય એવી છોકરીઓની લાલસા, પૂરબની સંસ્કૃતિના સોપાન છેલ્લે પગથીએ આવીને અટકયા છે. મોર્ડનતાનો દાવો કરવાને સમર્થ એવા આપણા પૂરબના નબીરાઓ વિદ્યા પ્રાપ્તી અર્થે પશ્ચિમના દેશોમાં જાય એ તો સાચું, પરંતુ વિદ્યા પ્રાપ્તી પછી લાલસા અને ડોલરોમાં તોળાતા પાછા ફરતાં જ નથી, પરંતુ હવે ડોલર તુટતા ચાલ્યા, એ તો ઠીક, જો મોટા મોટા ડોકટરો, સર્જનો, વિદેશમાં ભણી ઈન્ડીયા પાછા ન આવ્યા હોત તો ? આ તેર મણના તો આપણને શાન આપવાને સમર્થ છે. મોટા ડોકટરો, સર્જનો વિદેશમાં ભણી અહીંયા વતનમાં સેટેલ થયા અને એમની વિદ્યાનો આપણા દેશવાસીઓને લાભ મળતો રહે છે. સાયન્ટીસ્ટો દેશને ઉપયોગી થતા હતા તેમની વિદ્યા થકી

કેટલું પહેરશો ? કેટલું ખાશો ? કેટલા પહોળા થઈ સૂઈ જશો ? કે, જેથી વતનમાં ઉછર્યા છતાં આજ વતનને આંખમાંથી કણો ખૂંચે એમ કાઢી મૂક્યો છે. વતનમાં પરણવા આવે છે પણ આ વતન અને વતનમાં વસતા માતાપિતા માટે સમય ફાળવવા તૈયાર નથી. ત્યાની હાર્ડ લાઈફ હોય કે બધાંને જોબ કરવો પડે, પેટ પણ થોડે ઘણે અંશે બાળવા પડતા હોય છે. અને એ બધાનાં ભોગે સ્વતંત્રતા અને સ્વછંદતા મળે, ઘરના ત્રિકોણ અને માતાપિતાથી દૂર રહી પોતાની લાઈફ પોતે જ માણો એ એમનો આશય, અને એન.આર.આઈ.નો પૈસો મળે. ત્યાંજ આપણી સંસ્કૃતિ નંદવાય છે.

વતનને ખાતર શહીદીને વહોરતાં દેશના કાચી કળીઓ જેવા નવલોહીયા નવજવાનસંત્રીઓ અને આઝાદી મેળવવા માટે સામી છાતીએ ગોળીએ વિંધાતા, બરફની લાદીઓપર ચાબકા મારી, મીઠું ચોળી સુવરાવતાં, નારીના શિયળ લુંટાતા જલીયાવાલા બાગનો હત્યાકાંડ, ભગતસીંહની ફાંસી, માથે ડંડા મારતા, આઝાદી કેમ કરીને આવી છે. એ તો જેણે આવા કારમા દશ્યો જોયા હોય એમનેજ વતનની ગણના હોય, બાકી બધું ઠીક છે.

''અનુકરણ એજ મરણ''. અમેરિકાનું જોઈ અહીંયા મોટા મોટા મોલ બંધાય છે, તેમાં કેટલાં લોકો શોપિંગ કરી શકે છે ? ગરીબ યા સાધારણ મીડલ કલાસ ફેમીલી કયાં કરશે શોપિંગ ? મોટા મોટા બીલ્ડીંગો ૪૦ મંજીલ, બાંધશે, પરંતુ મુંબઈમાં પાણી અને ડ્રેનેજ સીસ્ટમના પ્રોબ્લેમ જરુરથી ઉભા થશે. યા તો બીજા સી વોડ જેવા એરીયાના પાણીમાં કટોતી થશે અને મુંબઈની ચારે ફરતો દરીયો હોવાથી તેમાં જ્યારે ભરતી આવે તો ડ્રેનેજ સીસ્ટમ ઉભરાતી થશે, આથી અહીંયા બીલ્ડરો મોટા મોટા મોલ બનાવી યેન કેન પ્રકારેણ પોતાના ખીસ્સાતર જરુરથી કરશે આ બધી વાતો લાંબી વીચારણા માંગી લે છે. પાણી, વીજળી,નો પ્રોબ્લેમ લાંબે ગાળે જરુરથી ઉભો થશે, વળી ''મધરર્સ કે'' ફાધરર્સડે'', ''ફ્રેડંશીપ ડે'' વગેરે વગેરે ડેની ઉજવણી, માબાપને એક જ દિવસ ઓળખે બાકી બધાં દિવસનો


શો હિસાબો, કોમ્પ્યુટર આવ્યાથી કંઈક લોકોની રોજી રોટી છીનવાઈ ? સુખ સુવિધા સાથે નુકશાનની તૈયારી રાખવી પડે છે. વળી આપણા બધાંજ તહેવારોને રોંદી ક્રિસમસ જોરદાર ઉજવાય છે. દિવાળી જેવો તહેવાર દારૂની પાર્ટી હોટેલ અને બહારગામમાં ઉજવાય છે. દિવાળી બંધ દીવા, અને બંધ ઘરના બારણે દસ્તક પાડતી નિસાસો નાંખતી રહે છે. આવું જ બધાં તહેવારોનું છે. બાજરાનો ખરબચડો રોટલો તો વીસરાયો, માબાપ વિસરાયા, સંબંધો અને રીસ્તા દારૂની પ્યાલી અને સીગરેટના ધુમાડાંમાં ધુંધવાયા જેથી મુલવાય છે. ભાઈબીજ અને રક્ષાબંધન જેવા તહેવારો. જ્યાં ભાઈબહેનોનો અમરપ્રમેમ દારૂની પ્યાલીઓમાં ડુંબાય છે. લગ્નની પવિત્ર વેદીઓના મંત્રોચાર બાદ શેમ્પેન ફોડાય છે. કેક કપાય છે, પૂરબ અને પશ્ચિમની શી તુલના કરશો ? વિઝા મેળવવાની કતાર જોતાં જ મન વિચારે છે.

તમારા પેટ કેટલા ઉણા રહે છે ત્યાંથી વિદ્યા પ્રાપ્ત કર્યા પછી દેશને ઉપયોગી થાવ, કંઈક લોકો દલીલ કરે છે તમે બાલાસીનોર છોડી મુંબઈ આવી વસ્યા, પરંતુ દેશમાં ઘરના ઘરો હતા. માતાપિતા પોતાના ધર્મમાં મગ્નરહેતાં, તેમના મરજાદી ધર્મમાં એમની અનુકુળતા સચવાતી રહેતી, વળી આજથી ૫૦ વર્ષ પહેલાંનું બાલાસીનોર અત્યારના જેવું ડેવલપ નહોતું, ત્યારે લાઈટ, નળ, ગટરો, બંબા, કોલેજ વગેરે ન હતા તેથી ભણવા માટે અને પૈસા માટે મુંબઈ આવવું પડતું હતું અને તે પણ આપણું ભારત જ ગણાય, જ્યારે અમેરિકા જવાથી વતનનો વિજોગ પડતો જ હોય જરુરથી હા જેની પાસે જગાની અથવા પૈસાની જરુરીઆત હોય એવા ફેમીલી જાય તો જરૂરી છે. વળી ઘણાં અનઓફિસીયલ ગયા હોય, ત્યારની મુશ્કેલીની વાત કે દીકરો મરે તો મા ન જઈ શકે, મા મરે તો દીકરી ન આવી શકે જોબ કરતાં હોય તો ગણેલી રજા મળે તો દીકરાના લગ્ન બાપ એટેન્ડ ન કરી શકે, વળી પરણ્યાના પચીસ વર્ષેય લોકો છૂટા છેડા લેતા હોય છે જ્યારે તેમના બાળકોય પરણી ગયા હોય, કઈક વાર કાળિયાની ગોળીઓના શિકાર બનતા હોય છે. પોતાના જ બાળકોને માબાપ ચિડાય યા ગુસ્સો કરે કે ટપલી મારે એ બાળક પુલીસમાં કમ્પલેન કરે એટલે એ બાળકને માબાપથી દુર કસ્ટડીમાં રહેવું પડે. લાભ સાથે આવી વ્યથા પણ ભોગવવી પડે છે. ત્યાંના અનુકરણમાં સવારે બ્રેકફાસ્ટ અને સાંજના ફૂલપેટ ડીનર, બીજી એક વાત ત્યાંની સરખામણીમાં ટી.વી. પરની એડ બીકીનીમાં આવે, નોનવેજને યુસફુલ સમજે, અત્યારે મોર્ડનતાના દાવામાં નોનવેજ, ડ્રીંકસ ફુલબહારમાં ભારતમાં માણે છે. અને એના રીઝલ્ટમાં સીનીયર સીટીઝનો લાંબુ આયુષ્ય ડોલતાં ડોલતાં માણે છે અને યંગસ્ટરો પ્રભુને પ્યારા થાય છે. મનના માલિક તો સૌ કોઈ છો આ તો નજરોનો દોષ છે કે પછી પેઢી ઉતાર અત્યારની પોલ્યુશનવાળી હવા, બનાવટી ખાતર લીફ્ટ ટું ગાડી અને એસી ઓફિસ, બેડરૂમ અને એસી ગાડી વળી છાશવારે થતી પાર્ટીઓમાં મોડું જમવાનું આથી સ્વાસ્થ જોખમાય છે. રાજ રોગ જેવા કેન્સર, બ્લડપ્રેશર, એટેક, ડાયાબીટીસ આ બધાંમા પણ પૂરબ પશ્ચિમની હવા ઓછે વત્તે અંશે તોળાય છે. કંઈક જોડા ખંડિત થાય છે. જ્યારે શાંતિથી સુખે ફરવાનું થાય, ત્યાં કોઈકને તો વળી લકવો મારે છે. ત્યારે આલ્કોહોલિક બોડી બનતાં સફરનામાની કડી ભીડાય છે. દેહના દંડ ભોગવવા સહેલાં નથી અને પૈસે થી પણ પાયમાલી, આમાં જંક ફૂડે તો દાટ વાળ્યો છે, બાકી મોર્ડનતાનો દાવો તો હું યે કરી શકું છું. પરંતુ

સંસ્કૃતિ અને સ્વાસ્થને ભોગે નહી. દેશનું યુવા ધન ભણી ગણીને આપણા દેશ વતનને વિદ્યાનો લાભ આપે, અને દેશને સોનાનો કળશ પહેરાવે એક ભાઈ ખાદીધારી વર્ષો પહેલાં અમેરીકા ગયા ત્યાં ડોકટર બન્યા અને ત્યાંજ હોસ્પીટલ કરી સેટલ થયા પરંતુ કહેવાતા ગાંધીજી સમયના ખાદીધારીને ય દેશમાં આવી સેટલ થયા હોત તો ?

અણીંયા દેશ એટલે ઈન્ડીયા આપણો જ ભારત દેશ ...

અત્યારે સીનીયર સીટીઝન હોય એવા ડોકટરોની બાલાસીનોરમાં જરુરત છે પરંતુ અમેરિકાના વાયરે રંગાયેલા, ભલે બાલાસિનોરમાં મોટા થયા હોય તો પણ તેમને વતન પ્યારા વતનને માટે ક્યારેય માન થતું નથી,'' કુવામાં હોય તો હવાડામાં આવે'' આજે સીનીયર સીટીઝનને આ મંજુર નથી તો યુવાપેઢીનું તો પૂછવું જ શું ?



વળી આપણા દેશના જે ચંદો (નેતાઓ) ફોરેનની કંપનીઓને પૈસાના જોરે અહિંયા લાવે છે અને તેથી ઘરના ધંધાની વાટ લાગી ગઈ અને આપણે સર્વેને જોબ કરતાં થવું પડશે, ''મેલ કરવત મોચીનો મોચી'' આપણે ગુલામના ગુલામ..આપણા ભારત દેશનો મહિમા મુલવીએ એટલો ઓછો છે.

''સારે જહાંસે અચ્છા હિંદુસતાં હમારા..હમારા''

''વંદેમાતરમ'' અને ''જન ગણ મન..'' જેવા રાષ્ટ્રગીતો, રાષ્ટ્ર પિતા ગાંધીજી અને અશોકચક્ર સહિત નો ત્રિરંગો ઝંડો... ગંગા, જમુના, નર્મદા જેવી નદી અને હિમાલય જેવો પર્વત રાજ..આ બધાંની મનમાંજ છબીને ઉભરાવો અને પરદેશમાં મેળવેલી વિદ્યાને ભારત દેશમાં મુલવો અને ભારતને સુર્વણ કળશે વધાવો..એજ અભ્યર્થના..

*ઉષા એસ.ધારીયા*

# આભને ચંદરવે

## (રાસ)

આભને ચંદરવે શરદના ચાંદરણાં
રસ સુધા બરસાવે વ્રજમંડળમાં ....... આભને.......
માધવની મોરલી ગુંજે મધુબનમાં
રાધારાની આવો સૌ સહિયરોની સંગમાં..આભને.......
ઝુમઝુમ રાસ રચાવો હો..રંગમાં
રઢિયાણી રાતમાં રસિયાની સંગમાં.. આભને.......
બાજે પાજેબને બાજે મુરલીયા
બાજે મધુરાં સુર સરગમનાં.. આભને.......
રાસ રમૈયા જગ ખેવૈયા
ઘમરઘમ ધૂમે રાધારાની સંગમાં ... આભને.......
કાલીંદીકાંઠેને કાનુડો રાસેરમે રંગમાં
ઝુમે દાંડિયાને મંજીરાના તાલમાં .. આભને.......
કાનુડો રાસે રમે રંગમાં, રાધારાની સંગમાં..
કાનુડો રાસે રમે રંગમાં.. આભને.......

# નિવૃત્તીની પળોમાં

માનવ જીવનની પ્રગતિ શીશુકાળ, બાલ્યાવસ્થા, યૌવન, આધેડ, વૃદ્ધાવસ્થા આપણાં સમાજમાં જેમ જેમ કુટુંબો ભાંગતા જાય છે અને વિભકત કુટુંબ પ્રથા અમલમાં આવતાં મોટા ભાગે વડિલો ને તેમની વૃદ્ધાવસ્થાનાં આરે ઘણી વખત ખૂબજ એકલતા, અટુલતા અને ઘણી વખત અનેક પ્રકારની મુઝવણોનો સામનો કરવો પડતો હોય છે.

પરંતુ અગર સમજદારી પૂર્વક જીવન સંધ્યાના વનઅવસ્થા દરમ્યાન જો વ્યવસ્થીત planning કરવામાં આવે તો બાકીની જીંદગી ખૂબજ સુખ શાંતી આરામદાયક રીતે જીવી શકાય. અન્ય મા-બાપો વડિલો આખી જીંગદી અર્થોપાજન, બાળકોની દેખરેખ અભ્યાસ, લગ્ન તથા તેઓનાં બાળકોની કાળજી લેવામાં જ વ્યતીત કરી નાખતાં હોય છે અને જીવનની પાછલી અવસ્થામાં પણ કોણ જાણે કેમ પોતાનાં બાળકોનાં આધારે પરાવલંબી જીવનની અપેક્ષા સાથે ઘરડે ઘડપણ અકાળે દુઃખી થતાં હોય છે.

વ્યવસ્થીત planning ઢળતી ઉંમરે બન્ને પતિ-પત્નિ માટે અત્યાવશ્યક છે જો તમે સુખેથી તમારી શેષ જીંદગી જીવવા માંગતા હો તો

૧) તમારું માસીક, વાર્ષિક અંદાજીત ખર્ચ-ખાધા કોરાકી, દવા, તથા અન્ય ખર્ચાઓ નું આયોજન કરી તેટલી બચત કમસે કમ તમારી પાસે સિલક રહે તેટલું કરો

૨) વહેલા સૂઈ, વહેલાં ઉઠવું, પ્રાંતઃ કાળે બનેતો ૨ થી ૫ માઈલ ચાલવા જવું, હંમેશા સાદો-પોષ્ટીક, પથ્ય ખોરાક નિયમિત લેવાનો રાખવો, મદીરા, ધુમ્રપાન વગેરેથી દુર રહેવું.

૩) નિયમિત સારા, જ્ઞાન, મનોરંજક તથા ધાર્મિક પુસ્તકો વાંચવા, મંદિર, કથા-કિર્તન તથા પ્રભુભક્તિમાં મન પરોવવું.

૪) બાળકોનાં અંગત જીવનમાં રસ દાખવવો પરંતુ બીનજરૂરી સલાહ સૂચનોથી જરૂરથી દૂર રહેવું.

૫) પરોપકાર, જરૂરતમંદોને શક્ય તેટલી બનતી મદદ જરૂર કરવી.

૬) સમાજોપયોગી સારાં કામો શકય હોય અને તન અને મન બન્ને સાથ સહકાર આપે તો જરૂરથી આવાં સહકાર્યોમાં મન પરોવવું માનવ સેવા એજ ઉત્તમ સેવા તે લક્ષ્ય રાખવું

૭) શક્ય હોયતો તમારાં જીવનવીમાની સાથે સાથે આરોગ્યનો વીમો પણ ઉતરાવવો હિતાવહ છે.

૮) કોઈપણ જાતની વધારાની અર્થ વ્યવસ્થાની બાહેંધરીઆપવી ટાળવી તથા અન્ય નાણાકીય વહેવારોથી દૂર રહેવું.

ઉપરોક્ત સૂચનો આપની અનુકુળતા પ્રમાણે અમલમાં લાવી શકાય છે. જો કે આ બધી વાતો કદાચ લખાણમાં ઉત્તમ હોઈ શકે પરંતુ સામાન્ય વહેવારમાં કવચીત અનુકુળતા હોયતો તમારી સાદી સમજ પ્રમાણે તેનો અમલ કરવો.

અગમચેતી એ માનવજીવનનો મહત્વનો શબ્દ છે જે ઘણાં લોકો જાણતાં હોવા છતાય અપનાવી શકતાં નથી કારણ અનેક કોઈ શકે છે. પરંતુ સૌથી અગત્યનું કારણ છે માણસનો સ્વભાવ. કૂતરાની પૂંછડી કદાચ ભોંયમાં ધરબી સીધી કરી શકાય પરંતુ માણસની પ્રકૃતિ આજીવન બદલવી મુશ્કેલ છે સિવાય કે માનવી ખુદ તે બદલવા સતત પ્રયત્નશીલ રહે

બાકી સદાય બનતું આવ્યું છે તેમ શેઠની શિકામણ ઝાંપા સુધી તેમ આપ સહુ પણ કદાચ આ લેખ વાંચીને ભૂલી જશો અને જીંદગીમાં ક્યારેક વિકટ પળોમાં કવચિત આ લેખ નાં શબ્દો મમળાવશો કે કેમ ?

*અસ્તુ - રાજેષ ન. કડકીયા(ઘાયલ)*

# શ્રી બાલાસિનોર સેવા સમાજ

## ૪૩મી વાર્ષિક સામાન્ય સભા પ્રસંગે મંત્રી નિવેદન

માનનીય પ્રમુખશ્રી અને સભાસદ ભાઈઓ..

આજની આ વાર્ષિક સામાન્ય સભામાં આપ સૌનું સ્વાગત કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

સમાજ સંચાલીત શ્રી કલાવતીબહેન કાંતીલાલ મહેતા આયુર્વેદિક ઔષધાલયનો અહેવાલ અમો રજૂ કરીએ છીએ.

**શ્રી કલાવતીબહેન કાન્તિલાલ મહેતા આયુવેર્દિક ઔષધાલયઃ**

વર્ષ દરમ્યાન ૧૨૦૪ નવાં દર્દીઓએ લાભ લીધો છે. હાલમાં ઔષધાલયમાં વૈદ્યશ્રી રાજેશભાઈ ક્ષોત્રીય સેવા આપી રહ્યા છે. વર્ષ દરમ્યાન સંસ્થા સ્થાપિત ચંપાબહેન સ્મૃતી ભવનમાં ચાલતા ઔષધાલયમાં રૂા. ૧,૩૭,૮૩૦.૩૮ ની નુકસાની આવી છે. જનતા ઔષધાલયનો વધુ લાભ લેશે એવી અપેક્ષા. જરૂરિયાતવાળા દર્દીઓને સંસ્થા તરફથી રાહત આપવામાં આવે છે. શ્રી કનુભાઈ ધારિયા પણ એમના વાડાસિનોર મુકામ દરમ્યાન એકયુપ્રેસર સારવાર આપે છે. જેનાથી ઘણા દર્દીઓને લાભ થયો છે.

ઔષધલયનાં વૈદ્યરાજ કર્મચારીઓ સાથે વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન ખાતે દર ૧૫ દીવસે શનિવારે મોબાઈલ સુવિધા તા. ૧-૪-૦૭ થી ચાલુ કરવામાં આવેલ છે અને બાલાસિનોર ખાતે તે ટ્રીપના દિવસની સવારની ઓ.પી.ડી. બંધ રાખવામાં આવે છે. થર્મલ ખાતે આ સેવાનો સારા એવા દર્દીઓ લાભ લે છે.

**પૂરક સહાય ફંડ માટે દાન :**

આપણી સંસ્થાઓ દાતાઓ તરફથી જે દાનની ગંગા વહેવડાવવામાં આવે છે તેના થકી આપણે દરિદ્રનારાયણોની સેવા કરી શકીએ છીએ. આપણે ફકત રોજના રૂા. ૩ લઈને દવા આપીએ છીએ

આપણે કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને મેડીકલ રીલીફ અને ડેવલપમેન્ટ માટે રૂા. ૬,૦૦,૦૦૦ ફાળવ્યા છે. સંસ્થાના પુરક સહાયક ફંડમાં રૂા. ૪,૭૫,૫૦૦.૦૦ નો વધારો થયો છે. સંસ્થા દ્વારા વર્ષે રૂા. ૨૫,૦૦૦.૦૦ અથવા રૂા. ૫,૦૦૦.૦૦ પાંચ વર્ષ સુધી સતત આપનાર અને રૂા. ૧૨,૫૦૦.૦૦ અથવા રૂા. ૨,૫૦૦.૦૦ પાંચ વર્ષ સુધી સતત આપનાર દાતાના નામની તકતી હોસ્પીટલના નવા બિલ્ડીંગમાં મુકવામાં આવે છે.

તેમજ રૂા. એક લાખ કે તેથી વધુ રકમ આપનાર દાતાનું નામ જુદા પૂરક સહાય વિભાગની તકતીમાં લખવામાં આવે છે તથા આવા દાતાનું જાહેર સન્માન પણ કરવામાં આવે છે. જે દાતાઓએ રૂા. ૧૨,૫૦૦.૦૦ કે રૂા. ૨૫,૦૦૦.૦૦ કે રૂા. ૫૦,૦૦૦.૦૦ નોંધાવ્યા હોય તે બાકીની રકમ આપી રૂપિઆ એક લાખના દાતા બની શકે છે. આ ફંડમા રૂા. ૧,૦૫,૦૮,૭૧૯.૦૦ થયા છે. દાતાશ્રીઓનો સહકાર મળશે એવી અપેક્ષા.

**દાતાશ્રીઓનો સન્માન સમારંભ :**

ચાલું વર્ષે ૨૪-૨-૦૭ ના રોજ નીચે મુંજબના ચાર દાતાઓને સન્માનવાનો સમારંભ યોજવામાં આવ્યો હતો.

૧) શ્રીમતી ઈલા રાજેશ કડકીયા
૨) શ્રીમતી અનુબહેન જ્યોતિવદન શેઠ
૩) શ્રીમતી સુશીલાબહેન બાબુલાલ કડકીયા (વલ્લભઘેલા)
૪) શ્રીમતી શર્મિષ્ઠા બહેન નવીનચંદ્ર દેસાઈ (પેઢીવાળા)

આ પ્રસંગે પૂજ્ય શ્રી પ્રધ્યુમનભાઈ શાસ્ત્રી (વડોદરાવાળા) અર્શિવચન આપવા પધારેલા.

**શ્રી બાલાસિનોર નાગરીક સહકારી બેંક ડોકટર્સ ક્વાટર્સ :**

શ્રી બાલાસિનોર નાગરીક સહકારી બેંક ડોકટર્સ ક્વાટર્સ હોસ્પિટલના ડોકટરોને નિવાસ સ્થાન માટે હોસ્પિટલને નજીવા દરે આપેલ છે.

**પલ્સ ઓકસીમીટર મશીન :**

ગત વર્ષે ફોરેઈન કોન્ટ્રીબ્યુશન ગ્રાન્ટમાંથી રૂા. ૩૮,૦૦૦.૦૦નું પલ્સ ઓકસીમીટર મશીન વસાવવામાં આવેલ છે જે મશીન કે.એમ.જી. હોસ્પીટલમાં ઓપરેશન થીયેટરમાં વાપરવામાં આપેલ છે.

**સાધન દાનના દાતા રૂા. ૨,૫૦,૦૦૦.૦૦ કે વધુ રકમના**

લલીતાબહેન લલ્લુભાઈ શાહ હાથીખાનાવાળા -બ્લડ એનેલાઈઝર મશીન કે. એમ.જી. હોસ્પિટલમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

સંસ્થાને વિદેશમાથી ડોનેશન લાવવા માટે (Foreign Contribution Regulation Act, ૧૯૭૬) અન્વયે તા. ૨૮-૦૨-૦૩ થી મંજુરી મળેલ છે. આ કાયદાનો લાભ લઈ સંસ્થાના વિકાસ માટે પ્રયત્ન કરવા આહવાન છે

વર્ષ દરમ્યાન અવસાન પામેલ સભ્યોની અમો સખેદ નોંધ લઈએ છીએ. પ્રભુ સદગતના આત્માને શાંતિ આપે તેવી પ્રાથનાં.

આંખનું માઈક્રોસ્કોપ મશીન અમેરિકાના એક શુભેચ્છક દાતા તરફથી મળ્યું છે. કે.એમ.જી.જી. હોસ્પિટલમાં વપરાય છે.

**આભાર :-** અંતમાં આભાર કોનો માનવો તેજ સમજાતું નથી આભારનો ભાર અનહદ છે અને તેથી સંસ્થા તરફ જે જે મહાનુભાવોએ, સંસ્થાઓએ અને દાનવીરોએ તન,મન,અને ધનથી મદદ કરી છે. તે સૌનો સંસ્થા વતી આભાર માનીએ છીએ.

આ પ્રસંગે અમો વૈધરાજનો, સ્ટાફના ભાઈઓ તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહકાર આપનાર સૌનો આભાર માનીએ છીએ. સંસ્થા દ્વારા આપણે વધુ ને વધુ સેવા કરવા પ્રયત્નશીલ રહીએ તેજ અભ્યર્થના.

*લિ. ધીરૂભાઈ શેઠ, રાજેન્દ્ર દેસાઈ*

*માનદ મંત્રીઓ.*

## શ્રી બાલાસિનોર સેવા સમાજ

### સ્થાનિક સમિતિ સને ૨૦૦૬-૨૦૦૭

૧) શ્રી મણીકાંત છોટાલાલ કડકીયા (સ્થાનિક મંત્રી ) ૧-૩-૨૦૦૭થી)

૨) શ્રી રજનીભાઈ ઓચ્છવલાલ શાહ (સ્થાનિક મંત્રી) (૨૮-૨-૨૦૦૭ સુધી)

૩) શ્રી કીરતનલાલ મણીલાલ પારેખ

૪) શ્રી મનુભાઈ ચીમનલાલ શાહ

૫) શ્રી વિનયકાંત ભીખાલાલ મોદી

૬) શ્રી કૌશીકભાઈ શાંતીલાલ શાહ

૭) શ્રી શૈલેન્દ્રભાઈ શાંતીલાલ ભટ્ટ



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

તા. ૨૮-૯-૦૭ ના બપોરે ૩ કલાકે લાડની વાડીમાં મધુરમ કુકીંગ કલાસીસ ના જલ્પા શાહનું Cooking Demon Stration રાખવામાં આવ્યું હતું. જલ્પા બહેન પોતાના ઘરે સોમ થી શુક્ર કુકીંગ કલાસીસ ચલાવે છે તથા Food Stylistતરીકે famous છે.

આજના સમયમાં સહુને સ્વાદિષ્ટ ચટાકેદાર વાનગીઓ આરોગવી ગમે છે. જલ્પા બહેને આજના જનરેશનને પસંદ પડે એવી સાત વાનગીઓ બહેનો સમક્ષ બનાવી ડેકોરેટ કરી બતાવી હતી. આ વાનગી ઓની રેસીપીની xerox તથા ચાર વાનગીઓ કાર્યક્રમની શરૂઆતમાં જ બહેનોને ચાખવા માટે આપવામાં આવી હતી. બહેનોએ ખૂબ જ શાંતિથી Demonstration નિહાળી વખાણ્યું હતું. જલ્પા બહેને પણ બહેનોના Response ને વખાણ્યો હતો. બહેનો આ વાનગીઓ બનાવી શકે એ હેતુથી વાનગી બનાવવાની રીત અત્રે રજૂ કરવામાં આવી છે.

**KITTY MENU**

૧) **Chatka Mary :** ( makes 4 glasses)

**સામગ્રી :** Real Juice packet (400ml) જામફળનો રસ, ૧ચમચી લીંબુનો રસ, અડધી ચમચી કેપ્સીકો સોસ, અડધી ચમચી વરચેસ્ટાયર સોસ, પા ચમચી મીઠું, લાલ મરચુ

**રીત :-** બધી સામગ્રી ભેગી કરીને થોડા બરફના ભૂકા સાથે પીરસો.

**પીરસવા માટે :** થોડો બરફનો ભૂકો

૨) **Rasgoola Surprise :** ૧૨ રસગુલ્લા (તૈયારના), ૨ કપ વેનીલા આઈસક્રીમ, પોણો કપ મારી બીસ્કીટનો ભુકો, અડધો કિલો વેનીલા સ્પંજ કેક (તૈયારની), અડધો કપ મીકસ ફ્રુટ (સુધારેલું), ૨ ચમચી સ્ટ્રોબેરી ક્રશ, પા કપ રસગુલ્લાની ચાસણી

**રીત :-** રસગુલ્લામાંથી નીચોવીને પાણી કાઢી લો. તેમાં ફ્રુટસ અને સ્ટોબેરી ક્રશ મીકસ કરી દો.

**બનાવવાની રીત :** પીરસવાના બાઉલમાં એક સ્લાઈઝ સ્પંજ કેક મૂકો તેના પર રસગુલ્લાની ચાસણી નાંખો. તેના પર ૧ કપ પીગાળેલો વેનીલા આઈસક્રીમ નાંખો પછી ફ્રુટસ્ટ્રોબેરી ક્રશવાળુ મીકસર નાખો. રસગુલ્લાને તેના પર ગોઠવીને ફરીથી ૧ કપ પીગાળેલા વેનીલા આઈસ્કીમ નાંખો છેલ્લે મારી બીસ્કીટનો બૂકો તેના પર ભભરાવો. ૨-૩ કલાક ઠંડુ કરીને પીરસો.

**૩) કોર્ન કબાબ :** ૨ કપ મકાઈ(બાફેલા), અડધો કપ દૂધ પોણો કપ મેંદો, પોણો કપ કેપ્સીકમ (સુધારેલુ), પા કપ કોથમીર, ૧ ચમચી ગરમ મસાલો, એક ચમચી કસૂરી મેથી, એક બટાકુ(બાફીને છુંદીને), અડધી ચમચી ચાટ મસાલો, એક ક્યુંબ ચીઝ (છીણેલી), અડધી ચમચી મરીનો ભૂકો, મીઠું સ્વાદ પ્રમાણે, લીંબુનો રસ,

**રોલમાટે** - થોડો રવો.

**રીત :-** મકાઈને અડધા ક્રશ કરીને દૂધ અને મેંદામાં મીકસ કરીને પકાવો. પછી આ મીકસને ૧૦-૧૫ મી ઠંડુ પડવા દો. બાકીની બધી સામગ્રી ઊમેરીને બરાબર હલાવી દો. તેના ગોળા જેવા વડા બનાવીને રવામાં રોલ કરો કડક થાય ત્યાં સુધી તળો પીઝ મીન્ટ ડીપ સાથે તેને પીરસો.

**પીસ-મીન્ટ ડીપ:-** પોણો કપ દહીં, અડધો કપ વટાણા (બાફેલા), પોણોકપ ફૂદીનો, એક ચમચી આદુમરચાની

પેસ્ટ, બે ચમચી તલનો ભૂકો, પા ચમચી લસણની પેસ્ટ, અડદી ચમચી ઓરિગાનો, મીઠું સ્વાદ પ્રમાણે.

**રીત :** બધી સામગ્રી ભેગી કરીને ચર્ન કરીને ઠંડી કરો

કોર્ન કબાબ, બટાટાની વેફર, મોનોકો બિસ્કુટ, કાકડી, ગાજર, વગેરે સાથે પીરસો.

૪) **સ્વીસ રોલ સેન્ડવીચ :** મેક ૩ સેન્ડવીચ એન્ડ ૧૮ સ્લાઈઝ) ૧૨ સ્લાઈઝ બ્રેડ(સાઈડ કાઢીને)

**ભરવા :–** થોડી ગ્રીન ચટણી થોડું બટર

**મીક્સ ટુગેધર :** અડધો કપ દહીં-બાંધેલું, અડધો મીક્સ સુધારેલુ,( કાંદા, કોબી,કેપ્સીકમ, વગેરે) બે ચમચી કોથમીર, અડધી ચમચી પનીર/ ચીઝ (છીણીને) અડધી ચમચી રાઈનો ભૂકો, એક ચમચી વરચે સ્ટાયર સોસ, મીઠું સ્વાદ પ્રમાણે.

**રીત :** થોડું પાણી લઈને ૨ બ્રેડની સ્લાઈઝ જોઈન્ટ કરો એવી રીતે કે ૬ લાંબી સ્લાઈઝ થાય. તેમાંથી ૩ સ્લાઈઝ પર બટર અને ચટણી લગાડો. બાકીની ૩ સ્કાઈઝ પર ફીલીન્ગં અને ફીલીંગ વાળી સ્લાઈઝને રોલ કરો. બટર પેપરમાં ટાઈટ વાળીને જામે ત્યાંસુધી ઠંડી કરવા મૂકો પછી તેને કટ કરીને ૬ પીસ કરીને ઠંડી પીરસો.

**ગ્રીન ચટણી :** એક કપ કોથમીર, બે ચમચી શીંગ, એક ચમચી જીરૂ, એક ચમચી, કાળું મીઠું, અડધા લીંબુનો રસ, એક ચમચી આદુ મરચાની પેસ્ટ, મીઠું સ્વાદ પ્રમાણે

**રીત :** બધી સામગ્રી ભેગી કરીને મિકસરમાં ચર્ન કરીને ઘટ ચટણી બનાવો.

**ચીકપી કેસરોલ :** ફોર બેસ (મીક્સ ટુગેધર) ૩ બટાટા, (બાફેલા, છૂંદીને), અડધી ચમચી આદુ-મરચાંની પેસ્ટ, અડધી લીંબુનો રસ, મીઠું સ્વાદ પ્રમાણે,

**ચેકપર લેયર :** દોઢકપ છોલેલા ચણા(પલાળીને બાફેલા), બે ટામેટા(સુધારેલા), બેચમચી ફૂદીનો, અડધો કપ દહીં., બે ચમચી મકાઈનો લોટ, એક લાલ મરચું, એક કસૂરી મેથી, એ.ચ. છોલેનો મસાલો, એ.ચ. જીરા પાવડર, પા કપ કોથમીર, અડધુલીંબુનો રસ, અડધી ચમચી આદુમરચાની પેસ્ટ, મીઠું સ્વાદ અનુસાર

**પેનર લેયર :** ૧૫૦ ગ્રામ પનીર (ટૂકડા કરેલું), ૧ કાંદો,કેપ્સીકમ (મોટા ટુકડા કરી બટરમાં સાતળો) એકચમચી ઓરીગાનો,પેપ્રીકા પા કપ ટામેટાનો સોસ, થોડા ટીપા લીંબુનો રસ, પા ચમચી મરીનો ભૂકો, એક ચમચી કેપ્સીકો સોસ, મીઠુ સ્વાદ પ્રમાણે,

**રીત :** બધી સામગ્રી ભેગી કરીને ૨-૩- મી માટે પકાવો. બધી સામગ્રીને ભેગી કરીલો. ટ્રાન્સપરન્ટ કેસેરોલમાં નીચે બટાટાનું મીક્ચર દબાવી દો. તેના ઉપર થોડી મીઠી અને ગ્રીન ચટણી નાંખો ઉપર થોડા છોલે નાંખીને ફરીથી મીઠી અને ગ્રીન ચટણી નાંખો પછી તેના પર પનીરનું લેયર પાથરી દો. છેલ્લે ઉપર મોનેકો-ચીઝનું મીકસર નાંખો. ફોઈલ પેપરથી ઢાંકીને ૨૫૦સી પર ૧૫ મી માટે બેક કરો. અથવા ૩-૪-મી. માટે માઈક્રોવેવમાં મૂકો.

**ફોર સ્પ્રેડીગં :** થોડી મીઠી ચટણી, થોડી ગ્રીન ચટણી

**ફોર સ્પ્રીકલીંગ** મીક્સ ટુગેધર

૬-૮ મોનેકો બિસ્કીટ (ભૂકો), ૧કપ ચીઝ, ૧ કાંદો (સુધારેલો), મીઠુ, ચાટમસાલો, લાલ મરચું, જીરૂ) બધુ પા ચમચી.

૮) **ક્રીસપી ડીસ :**૧૨ સ્લાઈઝ બ્રેડની (ગોળ જેવા કાપવા) થોડુ બટર

**ફીલીંગ :** અડધો કપ પનીર, ૨ચમચી ચીઝ, પા કપ (બારીક સુધારેલા, કાંદા, અને ટામેટા) પા કપ ઓરિગાનો, ૧ચમચી કેરસીકો સોસ, પા ચમચી આદુ મરચાની પેસ્ટ, થોડા ટીપા લીંબુ, પા ચમચી મરી, મીઠું સ્વાદ પ્રમાણે.

**રીત :** નાના ગોળ કટરથી ૬ ગોલ બ્રેડ કાપી લો. મોટા ૬ ગોળ બ્રેડ પર બટર લગાડો અને ૬ નાના ગોળ બ્રેડ તેના ઉપર મૂકો, વચ્ચેના ભાગમાં ફીલીંગ ભરી દો., તેને ૨૦૦સી. પર ઓવનમાં ૮-૧૦ મીનીટ બેક કરો.

***મિનોતી સાહ- સંયોજક મહિલા વિભાગ***

# ''ઘડપણ - વડપણ અને ગળપણ'' ''નોતુ જોઈતુ ને શીદ આવીયુ''.

ઘડપણ કોને જોઈએ ? કોનેગમે ? ન ગમતુ હોવા છતાં પણ આવ્યું દેખાય ઓછુ. ખવાઈ ઓછુ. સંભળાય ઓછું. બધુજ ઓછુ અરે આયુષ્ય પણ હવે ઓછુ. જીવનની આયુષ્યરૂપી કીમતી મૂડી વપરાઈ ગઈ. કેલેન્ડરના પાના ફાટીગયા. ખબર પણના પડી. '' કહાં ગયે વો દિન''.

ઘડપણમાં ધાર્યુ થાય નહીં. કોઈ બોલાવે નહી- મન મુંઝાઈ કુટુબના દુઃખ-શરીરના દુઃખ, મનના દુઃખ રૂપી વણઝાર સતત શરીરને ભીસમાં લે છે. જોવાનું ખૂબગમે પણ આંખો નહી, સાંભળવું ગમે પણ કાન નહીં. સ્વાદ ખૂબ થાય પણ દાંત અને હોજરી કામ આપે નહીં. એકલતાના સહારે જીવનના રહયાં સહયાં દિવસો અને મહિનાઓના વ્યાજની મૂડીને સાચવીને વાપરવાની દુઃખના દિવસો લાંબા કેમ જાય નહીં. સવાર પડે ને સાંજની રાહ જોવાની રાત પડે ત્યારે સવારની પ્રતીક્ષા શરૂ. જાગૃતિ નિરસ લાગે અને નિદ્રાતો ઝઘડો કરીને રીસાઈને ક્યાંય ચાલી ગઈ.

પરિવાર મોટો પણ કામનો નહીં.પૈસા ઘણાં પણ જુનવાણી માનસને લીધે વપરાય નહીં. અભરખો મોટો પણ જીવ ટૂંકો. સમયની ઘડીયાળના ટકોરા ધીમા પડયા. ટકટક બંધ પડે તો ચાવી અપાય. પણ ધકધક બંધ પડે તો જીવનના ઘડીયાળની બધીજ મશીનરી વળે. હાથમાં માળા પણ મન તિજોરીના ખાનાઓમાં ભરાઈને ગોથા ખાતુ હોય. સેવા પૂજા ચાલુ હોય છતાં કોણ આવ્યું ? કોણગયું ? શાનો અવાજ થયો. ? કોણે ટી.વી. ચાલુ કર્યુ. ચૂલા ઉપર શું બળ્યાંની વાસ આવે છે. વિ.ની.ખબર રાખે, પંચોતેર થયા પછી પરચૂરણ ગણવામાં અટવાતું ઘડપણ વરવુ ન લાગે . સ્મશાનમાં પગ લટકાવીને બેઠેલું ઘડપણ શેરબજાર માં ફોર્મ ઉથલાવે.બજારની તેજી મંદીના સમાચાર પૂછે કે વ્યાજે દીધેલા નાણાના હિસાબ ના ચોપડામાં અટવાય ત્યારે ઘડપણ કદરૂપું લાગે અને આવી ન છોડેલી ખોટી જવાબદારીના પોટલાંના વજન થી ઘડપણ વાંકુવળીને ચાલે ત્યારે બેહૂદુ લાગે.

ઘડપણ એટલે જીવનના સુખના અનુભવોનું ભાતું જિંદગી ટૂંકી ભાથુ વાપરવું ક્યાં ? ઘરના સભ્યો આપણું સાંભળે નહીં, પાસે બેસે નહી. ઝાઝી ખબર પૂછે નહીં અને ત્રણ વખત બૂમ પાડતા એક વખત સાંભળે તો સમજવું કે ઘડપણ ના જીવનમાં હજું વડપણ આવ્યું નથી. વડપણ બધુ હોવા છતા ગળપણની પણ એટલીજ જરૂર. ગળપણ એટલે મીઠાશ. જીભની અને સ્વભાવની આટલું હોયતો ઘડપણ મધુર આનંદમય અને જીવવા જેવુ લાગે. વડપણ અને ગળપણ વિનાનું ઘડપણ ઘરનાંને કંટાળો લાવે. જીવન એક સંગીત છે. ઘડપણના તંબુરા ના વડપણ અને ગળપણ ના બંન્ને તારો ને સમજણથી એવા મેળવો કે તંબુરો એકતારો બની જાય. બધાયના સુરમાંજ સુર મેળવો સમગ્ર પરિવાર નું જીવન સંગીતમય બની જશે. જેના મધુર સ્વરો સૌને આકર્ષશે જીવન કબીરવડ સમુ બનશે જેની શીતળતામાં અનેક માનવપંખીનો મેળો જામશે. સારા વિચારો અને સ્વભાવ થોડુ જતુ કરવાની ભાવના થોડુક પ્રભુભજન-થોડુ આત્મનિરીક્ષણ થોડીક ઉદારતા, અને કૌટુંબિક કે સામાજિક પ્રશ્નોને હલકરવાની થોડી આવડત આજ છે. મધુરજીવનની પ્રાપ્તી અને ''વડપણ'' અને ''ગળપણ'' બને છે. ઘડપણની શોભા.

*- નંદલાલ ગઢિયા (દીલ્હી)*

## રાખ ઉડી જાવાની

ચીઠ્ઠી ફાટસે ઉપરવાળાની, વેળા થાશે તારે જાવાની.
સગુ કુટુંબ તારૂ ભેગુ મળીને ચમચી પાણી પાવાની
લોટ પાણીનો લાડવો મુકશે, જરૂર હશે નહી તારે ખાવાની.
પાંચ પચીસ ભેગા થઈને કરશે ઉતાવળ કાઢી જવાની.
લાકડા ભેગા બાળીદેશે, હશે ઉતાવળ એને નાવાની.
હાડકા લઈને હાલતા થાશે, રાખ તારી ઉડી જાવાની.
બાર દિવસ તારી મોકાણ કરીને, પછી મીષ્ટાન ખાવાની.
પ્રાણની સગી છે આ બાલાસિનોર વાસી, તને ઘડીમાં ભુલી જાવાની.

*- સમીર પ્રવિણચંદ્રધારીયા(લાલખા)*

---

## એકલો-અટુલો

### (તારા ગયા બાદ)

નવ વર્ષના વહાણા વીત્યા નથી,
દશકાની શરૂઆત થઈ નથી, (તારા ગયા બાદ)
મારી તસવીર, તકદીર બદલાઈ ગઈ.
''એકલો-અટૂલો અથડાતો, અટવાતો રહ્યો !(૧)
એંસીમાં એક ઓછું, પૂર્ણ થયું નથી,
એંસીની શરૂઆત થઈ નથી!
ત્યાંજ મને ભાંગી પડયાની (શરૂઆત થઈ) ગંધ આવી.
મારા શિરે આભ તુટી પડવાનો અહેસાસ થયો (૨)
હાથે ઉછરેલો વૃક્ષ, આજ ઘટાદાર થઈ,
છાંયડાને બદલે, ધગધગતો અંગાર દીધો,
કયા ભવના પાપ કર્યા હશે !
એની સજા આ જન્મે ભોગવી રહ્યો.
બાંધી મુઠી લાખની, ખાખ થઈને રહી!
ભવો ભવનું ઋણ આજ ચૂકતે કરી રહ્યો!
આજ મારી સંગે વિધિ અનેરો ખેલ ખેલી રહી!
''એકલો - અટૂલો'' અથડાતો, કુટાતો રહ્યો!

*''ચાંદશા'' ચંદ્રકાંત શાહ (ચટઈ)*

## 'જીભ'

જીભલડીએ દાટ વાડ્યો, શું કહું ? કોણે કહું ?
ન બોલવામાં નવ ગુણ કહેવાય,
તો કહે બોલે તેણો બોર વહેંચાય.
નાની અમથી આ જીભલડીએ, દૌલત તણી દોસ્તી કરી.
ભાઈ - બેન-માતા-પિતા, પુત્ર બધાને નોખા કર્યા.
હરી ગુણ ગાવા કરતાં, પરનિંદામાંથી ઊંચી ના આવે.
ઝઘડો કરવા સદા તત્પર, પણ પ્રેમ કરવા ના તૈયાર,
સાચું બોલતા દુઃખી થાય, ખોટું બોલતા હસુ-હસુ થાય,
કાબુમાં રાખો આ જીભલડીને, નહિ તો થાશો ખુવાર.
એટલે જ શ્રી જ્યોતિન્દ્ર દવે કહી ગયા કે
હાડકા વગરની આ જીભલડીને ! કાઢીને....
બાજુ પર મૂકી શકાય તેમ હોય તો ! આ દુનિયામાં બધેજ..
શાંતિ ! શાંતિ ! શાંતિ !

*- સુલપ - (સુરેશ લ. પરીખ)*

---

ખ્વાહિશે મંજીલ મે હમ સાથ જીનકે હો લિયે
થા લુટેરો કા વહ મજમા કારવાં સમજે થે હમ
ડાલી ડાલી કાટ ડાલી. ઉજડા ઉજડા હૈ ચમન
હાય યે તુમને ક્યા કિયા તુમ્હે બાગબાં સમજે થે હમ
ક્યો કરે ઉનસે શિકાયત ગર સિતમ વો ઢા રહે
થી હમારી હી ખતા જો મહેરબાં સમજે થે હમ
દૌરે ગર્દિશ મેં કભી આયેગા એસા વક્ત ભી
કિ દોસ્ત હી દુશ્મન બનેંગે યે કહાં સમજે થે હમ.

* * *

બિન કારણ કોઈ બાત નહીં હોતી હૈ.
બિન બાદલ કે બરસાત નહીં હોતી હૈ
કુછ તો ઠેસ લગી હૈ દિલ કો મેરે
વ્યર્થ કભી યહ આંખ નહીં રોતી હૈ.

*- બ્રીજશરણદાસ ગાંધી( કાનપુરવાલા)*

## લગન લાગી રે

લાગીરે લાગીરે લાગીરે, કૃષ્ણનામની ધૂન લાગી
ધ્રુવજીએ વનમાં જઈને, વિષ્ણુ નામ સ્મરિત કરીને
એક પગથી દૃઢ વિશ્વાસે, પ્રભુના દર્શન પામ્યા.
લાગીરે..લાગીરે..
શબરીજીએ વનમાં જઈને, રામનામ રટ લગાવી
સેવા ને ભક્તિ કાજે જીવન એકલું વિતાવ્યું
શ્રી રામજીને બોર ખવડાવી, પ્રભુના દર્શન પામી
લાગીરે..લાગીરે..
રાણી મીરા રાજપાટ ત્યજીને, કૃષ્ણની થઈ વનમાં દોડીને
અટલ વિશ્વાસ પ્રભુમાં રાખી, ઝેરને અમૃત સમજી પી ગઈ
શ્રી કૃષ્ણના દર્શનકાજે બની જોગન, પ્રભુના દર્શન પામીરે.
લાગીરે..લાગીરે..

*- ઈન્દુ રોહિત દેસાઈ*

## થઈ ગયું

રમતા રમતા રમાઈ ગયું
ભણતા ભણતા ભણાઈ ગયું.
અને કઈ ડીગ્રી લઈ થયો સ્નાતક
કઈક કેટલા પ્રયત્નો કરી
જીવન બનાવ્યું સાર્થક
મારૂ તારૂ સૌનું કરતા
વિતી ગયા વર્ષો અમૂલ્યો
આથમતી સંધ્યા એ આવી
મલકતું આ ઘડપણ
ત્યારે સમજાયું શું કર્યું
પરમાર્થને પામવાને કાજે
જોઈ રહ્યો ઝાંઝવાના જળ
ભૂલો ઘણી સમજાઈ પણ
હવે ઘણું મોડું થઈ ગયું
માનવતાની માનસાઈના
દીવા કેમ પ્રગટાવાઈ.

*- ઈન્દુ રોહિત દેસાઈ*

## અગણિત રંગ

પતંગિયાની પાંખડીમાં અગણિત રંગ
ઉપવનના ચમનમાં જોયા ફુલના અગણિત રંગ
આભના તારલિયામાં જોયા અગણિત રંગ
સાગરમાં વહેતી મીનમાં જોયા અગણિત રંગ
વૃક્ષની ડાળે પત્તે પત્તે જોયા અગણિત રંગ
માનવના મહેરામણમાં ચહેરા અનેક ને અગણિત રંગ
આભની અટારીમાં વિહરતા પક્ષીમાં જોયા અગણિત રંગ
કળા કરતા મોરના મોરપીંછમાં જોયા અગણિત રંગ
સૃષ્ટિના સૌંદર્યમા છલકાતો માધવનો અનેરો રંગ
વર્ષાના સપ્તરંગમાં મેઘધનૂષનો અનેરો રંગ
આ સ્થુલ કાળાના દેહમાં રકત કેરો લાલ રંગ
લાલમ લાલ કરી દીધો પ્રેમતણો લાલ રંગ

*- ઈન્દુ રોહિત દેસાઈ*

## લાલા (કૃષ્ણ) મઝા આવે છે.

તારી સાથે વાત કરવાની મઝા આવે છે
તું સાંભળે કે ન સાંભળે
તને સંભળાવવાની મઝા આવે છે.
તું બોલે કે ન બોલે
તને સાંભળવાની મઝા આવે છે.
મનની વાતો તારી પાસે
કહેવાની મઝા આવે છે
તારા મૌનમાં શબ્દો શોધવાની મઝા આવે છે
તું દેખાય કે ન દેખાય તારૂ સ્વરૂપ
જોવાની મઝા આવે છે
તું હાસ્યનો જવાબ આપે કે ન આપે
તારી સામે હાસ્ય કરવાની મઝા આવે છે.
તુ યાદ કરે કે ન કરે તને યાદ કરી
તારી લીલા ઓ નિહાળી માણવાની મઝા આવે છે.

*- રૂપલ રજનીકાન્ત પરીખ (વડદલાવાળા)*

## આમચી મુંબઈ


વાત કહું છું એક શહેરની સાવ અજાણી
મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી
મુંબઈમાં જાત જાતના લોકો વસતા
ભેદભાવ ભૂલી સાથે હરતાં ફરતાં
મુંબઈની ચોપાટીમાં સહેલાણીઓની સવારી
કમાલની અહીં ભેલપૂરી ને કમાલ ની પાણીપૂરી
અહીંના હેંગીંગ ગાર્ડનમા છે એક બુટઘર
જાણીતું ને માનીતું છે. અહી માછલી ઘર
નરીમાઈન પોઈન્ટથી કોલાબા દૃષ્ય છે. મજાનું
ગળામાં પહેર્યુ છે ડાયમન્ડ નેકલેશ કોઈ રાણીનું
કમાલની છે નવરાત્રી ને કમાલની છે. મકર સંક્રાતિ
કમાલની અહીં ક્રીસમસ ને કમાલની છે કૃષ્ણ જંયતિ
ગણપતિ બાપાની આવે છે મોજ થી સવારી
બાપા મોરીયા બાપા મોરીયા બોલે નર ને નારી
કમાલ ની છે. હોળી ને કમાલની છે દીવાળી
તહેવારોમાં ભેગી થાય આખી મુંબઈ ટોળી
પાવભાજી તો સરદારની, પાવવડા તો બોરકરના
પંજાબી તો સમ્રાટની, ઈટલી ઢોસા સ્ટેટસના
મુંબઈમાં લોકલ ટ્રેનની છે બોલબાલા
સેન્ટ્રલ ને વેસ્ટર્નના સ્ટેશન છે. નિરાલા
ક્યાં મળે કોઈને જીવનમાં આટલી મસ્તી
સૌથી બેસ્ટ આપણી મુંબઈ ની વસ્તી
મુંબઈના રંગરૂપ નીરાલા પંચરંગી છે રહેવાસી
માટે ગર્વથી કહું છું કે હું છું મુંબઈ વાસી.

*- અમીતા અજીતકુમાર પરીખ*

## મનની વાણી

હે પ્રભુ તમે કેમ સંતાઈ ગયા
હું કાંઈ ભિખારી નથી. હું તમારા બારણે
કાંઈ માંગવા નથી આવ્યો.
જરા સામે આવો.
ના, સાચું કહું, હું ભિખારી જ છું.
હું તમારા દ્વારે ભીખ માગવાજ આવ્યો છું.
મને દર્શન આપો.
અને હું બીજું કંશુંજ નહિં માગું
મારી વિનતી સ્વીકાર કરો પ્રભુ ।।

*- બી,એસ.ગાંધી, કાનપુર*



# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ

**૧) શુભેચ્છક દાતા તરફથી દાન :** કે.એમ.જી જનરલ હોસ્પિટલમાં પેથોલોજી, વિભાગના વિકાસ માટે રૂા. ૧૬૦,૦૦૦/- અંકે રૂપિયા એકલાખ સાઈઠ હજાર પુરા સાધનદાન માટે મળ્યા છે. દાતાશ્રીને અભિનંદન

ઉપરોક્ત બંને ઓટોમેટીક મશીનો-હોસ્પિટલમાં આવી ગયા છે અને પેથોલોજી વિભાગ વધુ અદ્યતન બનેલો છે.

**૨) કે.એમ.જી. જનરલ હોસ્પિટલ :** બાલાસિનોરમાં શ્રી મોહનલાલ નાથજીભાઈ ધારીઆ પથોલોજી વિભાગ ઉપરોક્ત વિભાગના વિકાસ માટે શ્રી તરૂબહેન શેઠ અને અનુબહેન શેઠ તરફથી તેમના પિતાશ્રીના નામે આપના વિભાગ માટે સાધનદાન માટે રૂા ૧ લાખ અંકે રૂપિયા એકલાખ પુરાનું દાન નોધાવ્યું છે. દાતાશ્રીને અભિનંદન.

**૩) દાતાશ્રીઓને અપીલ :** કે.એમ.જી. જનરલ હોસ્પિટલના નિભાવ અને વિકાસ માટે સંસ્થા પ્રયત્નો કરી રહી છે. વર્ષ ૨૦૦૬-૨૦૦૭ ની ખોટેપેટે રૂા. ૧ કરોડ અંદાજીત રૂપિયા એક કરોડ ગ્રાન્ટ પેટે રોકાઈ ગયેલ છે. જેથી ટ્રસ્ટ ભંડોળ અને તેમાંથી વ્યાજની આવક કરવાની જરૂરીયાત ઉભી થઈ છે.

હોસ્પિટલમાં ડોકટરો તરીકેની સેવા આપતા ડોકટરો તથા વિઝીટીંગ ડોકટરોના પગારો વધતા જાય છે. જ્યારે ગ્રાન્ટ નિયમ પ્રમાણે મળે છે. આથી ટ્રસ્ટભંડોળમાં અસર થાય છે અને અમાન્ય ખર્ચાઓ પગારના નિયમોના આધારે વધતા જાય છે. ટ્રસ્ટની મળેલી ટ્રસ્ટીઓની સભામાં ભંડોળ ઉભું કરવાનું નક્કી કરવામાં આવેલ છે. એક વર્ષમાં કે પાંચવર્ષમાં દાતાની ઈચ્છા પ્રમાણે એકી સાથે કે પાંચ હપ્તામાં દાન આપી શકશે.

રૂા. ૧૨૫૦૦/- કે રૂા. ૨૫૦૦/- પાંચ વર્ષમાટે પ્રતિવર્ષે રૂા. ૨૫૦૦૦/- કે રૂા. ૫૦૦૦ ।- પાંચવર્ષમાટે પ્રતિવર્ષે રૂા. ૫૦,૦૦૦ /- કે રૂા. ૧૦,૦૦૦/- પ્રતિવર્ષે પાંચવર્ષ માટે રૂા,૧ લાખ કે રૂા. ૨૦,૦૦૦/- પાંચવર્ષ માટે પ્રતિવર્ષ દાન નોંધાવી શકશે.

કારોબારી સમિતિની તા. ૨૨-૧૦-૦૭ ની સભામાં નીચેના સભ્યોએ તાત્કાલીક દાન માટેનાં વચનો લખાવ્યાં હતાં.

૧) શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ રૂા. ૧ લાખ
૨) શ્રી નવનીતલાલ સાંકરલાલ ધારીઆ (માટલી) રૂા. ૨૫૦૦૦/-
૩) શ્રી નિશિથ રસિકલાલ ધારીઆ (દલાલ) રૂા. ૫૦,૦૦૦/-
૪) શ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા) રૂા. ૨૫,૦૦૦/-
૫) શ્રી રસિકભાઈ સાંકરલાલ મોદી (દેવ) રૂા. ૫૦,૦૦૦/-

હોસ્પિટલની રૂમોમાં પણ પલંગો, બિછાનાં અને અન્ય જરૂરી સાધનોમાં વિકાસ માગી લે છે. આ દિશામાં પણ રીનોવેશનનું કાર્ય ચાલું છે. સંસ્થાની પ્રણાલિકા મુજબ રૂા. ૧ લાખના દાતાશ્રીનું સન્માન કરવામાં આવશે.

શ્રી રસિકભાઈ મણીલાલ પરીખ (લાકડાવાળા) રૂા.૨૫,૦૦૦

શ્રી કાર્તિકભાઈ રસિકલાલ કડકીયારૂા,૨૫૦૦૦

રૂા. ૨૫૦૦૦/- ચંચળબહેન લલ્લુભાઈ નાથજીભાઈ શેઠ (બોરડીવાળા)ના સ્મરણાર્થે હસ્તે રસિકલાલ ર.કડકીયા

## દાતાશ્રીઓને નામ નોંધાવવા વિનંતી

હોસ્પિટલ તથા સેવા સમાજ ના માનનીય દાતાઓનું બહુમાન શુક્રવાર તા. ૧૪-૩-૦૭ (ફાગણ સુદ ૮ ) ના રોજ હોસ્પિટલના પ્રાંગણમાં યોજવામાં આવશે. આ અંગેની વધુ જાહેરાત આગામી અંકમાં કરવામાં આવશે.

# શ્રી નાથદ્વારા ધાર્મિક પ્રવાસ

શ્રી વાડાસીનોર ગોકુલેશ સમાજ દ્વારા શ્રીનાથદ્વારાનું ધાર્મિક પ્રવાસ આયોજન ૬ દિવસ માટેનું તારીખ૧૮-૧-૦૮ થી ૨૩-૧-૦૮ ના સામેલ છે. ૩ Tier Sleeper નું આવવા જવાનું ભાડું, પોટરેજ ચાર્જ, બેટાઈમ જમવાનું,બે ટાઈમનો ચાનાસ્તો, બીસલેરી પાણી, સાઈટ સીઈંગ, મનોરથ વગેરેનો કુલ ખર્ચ ૩૦૦૦/- રાખેલ છે.

૧૮-૧-૦૮ શુક્રવારે બપોરે વાંદ્રા ટર્મીનસથી ૩.૪૫ વાગ્યે નીકળશું

૧૯-૧-૦૮ શનીવારે સવારે નાથદ્વારા ૧૦-કલાકે પંહોચવું

૨૦-૧-૦૮ શનિવાર-૨૧-૧-૦૮ સોમવાર - દર્શન તથા લોકલ સાઈટ સીઈંગ

૨૨-૧-૦૮ મંગળવાર રાત્રે ૯- કલાકે માવલી સ્ટેશનથી બેસવું


૨૩-૧-૦૮ બુધવાર બપોરના ૨.૩૦ કલાકે બાન્દ્રા પહોંચશે

**નામનોંધાવવા માટે સંપક કરવો :-**

બીપીન કીરતનલાલ દોશી મંત્રી -૯૮૨૧૩૧૬૨૩૩-૨૩૬૭૨૧૪૩

નવનીતલાલ ચંદુલાલ પરીખ પ્રમુખ - ૯૩૨૪૩ ૦૯૩૦૩-૨૩૬૧૩૭૯૫

*બાલાસિનોર ગોકુલેશ સમાજ વતી બીપીન કે. દોશી,* મંત્રી




**બાલાસિનોરના ધર્મપ્રેમી વૈષ્ણવો જોગ,**

સર્વેને નવા વર્ષના સાલમુબારક જય જય શ્રી ગોકુલેશ નવું વર્ષ આપ સહુને સુખ-શાંતિ અને સમૃદ્ધિ આપે એજ અભ્યર્થના

મહા ઓચ્છવ

આ ઉત્સવ ઉપરોક્ત સમાજના નેજા હેઠળ તા. ૧૬-૧૨-૦૭ ને રવિવારે માગસર સુદ ૭ ના શુભ દિવસે ઉજવવામાં આવશે. આ પ્રસંગે પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વલ્લભબાવાશ્રી અત્રે પધારશે અને ઉત્સવ અતિ આનંદે ઉજવાશે

તા. ૧૫-૧૨-૦૭ ને શનીવારે રાત્રે ૯ કલાકે નવા મંદિર ભૂલેશ્વરમાં સમાજ બેસસે તે. પ્રસંગે તિલકની બોલી બોલાશે પૂજ્ય બાવાના સાનિધ્યમાં મારે આનંદના ચોધરે આવ્યા બાલબાવા સર્વે ને પધારવા નમ્ર વિનંતિ છે.



આ પ્રસંગના મહાભાગા મનોરથી પ.ભ.શ્રી અશ્વિનકુમાર પુનમચંદ ધારિયા તથા અ.સો.હેમલતાબહેન (તે શ્રી રસીકલાલ લાકડાવાળાની સુપુત્રી) એ ધારિયા છે.

તેમના નિવાસસ્થાન ‘લેબીના એપાર્ટમેન્ટ ૧લે માળે નૌશીર ભરૂચા માર્ગ, (સ્લેટર રોડ) સુદામા હોટલની બાજુમાં મુંબઈ ૦૭ સમાજ સવારે ૮ કલાકે બેસસે અને શ્રી ગોકુલેશ પ્રભુનો પ્રાકટ્ય ઉત્સવ પૂ. વલ્લવબાવાના સાનિધ્યમાં ધૂમધામથી મનાવશે.

સવારે ૧૦ કલાકે સત્સંગ મંડળની રૂમ. અમૃતવાડી , વી.પી.રોડ મુંબઈ ૪૦૦૦૦૪ થી કળશનો વરઘોડો નીકળી લાડની વાડી, સી.પી.ટેંક જશે.

બપોરે ૧૨.૩૦ કલાકે બાલાસિનોરના દરેક વૈષ્ણવે લાડની વાડીમાં મહાપ્રસાદ લેવાનો છે.

આ સમાજ આયોજીત મહા ઉત્સવની ઉજવણી છે. તો સરવે બાલાસિનોરના વૈષ્ણવોને સહ-કુટુંબ સહપરિવાર પ્રસાદ લેવા પધારવા અમારી ભાવભરી વિનંતી સહ આમંત્રણ છે.

શ્રી બાલાસિનોર ગોકુલેશ સમાજ તથા નવનીતલાલ સી. પરીખ (સરકાર) બીપીન કીરતનલાલ દોશી તથા અશ્વિનકુનાર પુનમચંદ ધારિયા - હેમલતા બહેન અશ્વિન ધારિયા (મનોરથી )ના જય જય શ્રી ગોકુલેશ.

## અભિનંદન

જન્મભૂમિ મેઘધનુષ પૂર્તિમાં પ્રગટ થતી ટુર્સ અને ટ્રાવેલ્સની તા. ૨૭-૬-૦૭ની સ્પર્ધામાં, શ્રી રમેશચંદ્ર લલુભાઈ ધારિયા (એડવોકેટ) તથા આશિષ રજનીભાઈ કડકીયા ને પ્રથમ ઈનામ મળવા બદલ ખૂબખૂબ અભિનંદન

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
આયોજીત
## ઈન્ટરનેટ, ઈમેઈલ શીખો - મફત

ઈન્ટરનેટ, ઈમેઈલ આજના યુગની ખાસ જરૂરિયાત છે. દુનિયાના કોઈ પણ ખુણે કોઈનો પણ સંપર્ક થઈ શકે છે અને દુનિયાની કોઈપણ ક્ષેત્રની કોઈપણ માહીતી ઈન્ટરનેટ ઉપરથી પ્રાપ્ત થઈ શકે છે. આ શીખવા માટે ઉંમરનો કોઈ બાધ નથી. મોટી ઉંમરના વડીલો જો ઓ શીખે તો પોતાના પરદેશ રહેતા સંતાનો તથા પૌત્ર, પૌત્રી સાથે સંપર્ક રાખી શકે. ઉપરાંત બાળકો પાસે સાવ પછાત અને ગમાર ન લાગે.

શ્રી બાલાસિનોર નવયુક સંઘ આ દિશામાં એક નવું કદમ માંડે છે. દર રવિવારે સવારે ૧૦ થી ૧ સુધીમાં સંસ્થાની સી.પી. ટેન્ક ખાતેની ઓફિસમાં આ બાબત નું શિક્ષણ કોઈ પણ ફી વગર અને કોઈપણ ઉંમરની બાધ વગર આપવામાં આવશે. આશા છે સૌ કોઈ બાલાસિનોરવાસી આ યોજનાનો લાભ લેશે.

**Only for Ladies :**
**Every Thursday 3 to 5 p.m.**
**By Appointment**

વધુ વિગત માટે સંપર્ક કરો.

**મંજુલ શૈલેષ ધારીઆ**

✆ : ૨૪૯૩૩૬૧૮ ● ૬૫૮૦૨૪૪૧
૯૮૨૦૧૩૫૦૧૪

## મુક્તકો

જીંદગી એવી જીવ્યા કે, મુકત આત્મા થઈ ગયો.
ઈશથી છુટો પડેલ જીવ, ઈશમાં જઈને ભળ્યો,
તેના આત્માની શાંતિ કાજે, પ્રાર્થનાની શી જરૂર?
ગીતા કેરો જ્ઞાની ભક્ત, પરમ પદ પામી ગયો.

*- સતીશ ભી. પરીખ (રોકડીયા)*


**અમૂલ** બાલાસિનોરમાં

**અટરલી બટરલી અમૂલ**

માખણ ☆ ચીઝ ☆ પનીર
દરેક પ્રકારના આઈસ્ક્રીમ
કપ તેમજ ફેમીલી પેકમાં
તૈયાર પીઝા ☆ કૂલ કૉફી ☆ ફલેવર્ડ
મિલ્ક ☆ 'અમૂલ્યા' દૂધ પાવડર ☆ ઘી
અને બીજી અનેક પ્રોડકટસ

**અમૂલ દૂધ પીતા હૈ ઈન્ડિયા**

તમારી રોજની દૂધની જરૂરીયાત માટે
પધારો

**શ્રી અમૂલ પાર્લર**

મેઈન બઝાર રોકડિયાની શેરી સામે,
બાલાસિનોર

**વડોદરા-ગોધરા-અમદાવાદ-શ્રીનાથજી અને અન્ય સ્થળે** આરામદાયક મુસાફરી માટે
સુવિધાવાળી ગાડીઓના
બુકીંગ માટે સંપર્ક

**પ્રિયંકાન્ત દેસાઈ**

મોબાઈ -૯૯૭૯૩૫૭૩૧૧

# પી.વી. વિદ્યાલય બાલાસિનોરનું ગૌરવ

ખેડા જીલ્લાનો એથ્લેટીકસ રમતોત્સવ ડીગ્રી કોલેજ ઓફ ફિઝીકલ એજ્યુકેશન, અહેમદાવાદ ખાતે સિનિયર વિભાગ તા. ૧૫-૧૦-૦૭ ના રોજ તથા જુનિયર વિભાગ તા. ૧૬-૧૦-૦૭ ના રોજ યોજાયો. જેમાં પી.વી. વિધાલયની વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાનું ગૌરવ વધારેલ છે.

સિનિયર વિભાગમાં હેલત એન. પોકાર-ગોળાફેંકમાં પ્રથમ, પ્રિતી આર.ધોબી-૧૦૦ મીટર દોડમાં પ્રથમ તથા કુંદન બી. ચૌહાણ-૧૫૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

જુનિયર વિભાગમાં સીતલ કે . ઠાકોર ૧૦૦ મીટર દોડ તથા લાંબીકૂદમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ઉપરોક્ત તમામ વિદ્યાર્થીનીઓને તેમના ઉત્કષ્ટ દેખાવ તથા રાજ્ય કક્ષાએ પણ આવો જ દેખાવ કરે તે માટે શાળાના આચાર્યાશ્રી નિરૂબેન તથા શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામા આવ્યા હતા.

વ્યાયામ શિક્ષકશ્રી ભરતભાઈ એન. પટેલે ખૂબ જ રસ લઈને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન અને પ્રેરણા પુરી પાડેલ છે.

### સુખી થવાના દસ રસ્તા

કામને સતત વળગી રહો
બહુ જ ઓછુ બોલો
ક્યારે ક્યારે 'ના' બોલતા પણ શીખો
પોતાની ભૂલનો સ્વીકાર કરો
વ્યવહારિક બનો
પહેલા લખો, પછી આપો
સૌના મત જાણીને નિર્ણય લો
બધાને માનથી બોલાવો
જેની જરૂર ન હોય, તેની ખરીદી ન કરો
પહેલા વિચારો, પછી બોલો

### દુઃખી થવાના દસ રસ્તા

મોડા સૂવો, મોડા ઉઠો
લીધા-દીધાનો હિસાબ ન રાખવો
કોઈ માટે કાંઈ ન કરો
પોતાના જ વિચાર કરો
પોતાનો કક્કો જ સાચો કરવો
કોઈનો વિશ્વાસ ન કરો
વિના કારણ જુઠ્ઠુ બોલો
કોઈ કામ સમયસર ન કરો
માગ્યા વિના સલાહ આપ્યા કરો
ભૂતકાળના સુખને ગાયા કરો

---

## મુકતકો

પ્રભુ દેવાને બેસે છે. હજારો હસ્તથી દે છે,
પછી તે સુખ હો કે દુઃખ, પરંતુ દિલથી તે દે છે,
દઈ દુઃખો તણી વણઝાર, તેના શું હશે અરમાન?
ગીતાના જ્ઞાની ભકતને શોધતો હોય, તેવું લાગે છે.

જીંદગીમાંથી ગયું જે, તે કદિ મળતું નથી,
મળવું તો બાજુ રહ્યું, સ્વપ્નમાંય જડતુ નથી,
જે હકીકત મહી, તે સ્વપ્ન થઈ રહી જાય છે.,
લાખ પ્રયત્નો છો કરો, પણ આ જનમ દિસતુ નથી.

*- સતીશ ભી. પરીખ (રોકડીયા)*

# કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ

## અગિયારમી વાર્ષિક સામાન્ય સભા પ્રસંગે મંત્રી નિવેદન

માનીય પ્રમખશ્રી અને સભ્યશ્રીઓ,

આજની આ વાર્ષિક સામાન્ય સભામાં આપ સૌનું સ્વાગત કરતા આનંદ અનુભવીએ છીએ.

આપણી હોસ્પિટલમાં ૧૦૦ દર્દીના બિછાનાની સગવડતા છે. ક્યારેક તેનાથી વધારે દર્દીઓની સંખ્યા હોય છે ત્યારે પણ આપણે તમામ વ્યવસ્થા કરીએ છીએ.

આ સંસ્થાના વિવિધ વિભાગો તથા વર્ષ દરમ્યાન દર્દીઓએ લીધેલા લાભ અથવા નિદાન નીચે પ્રમાણે છે.

કુલ દર્દીઓએ લાભ લીધો છે અથવા નિદાન કરેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧) | ઈનડોર વિભાગ | - | ૨૫૦૧ |
| ૨) | કમળાબહેન ઓચ્છવલાલ કચેરીયા સુતિકા વિભાગ | - | ૪૯૨ |
| ૩) | કુટુંબ કલ્યાણ કાર્યક્રમ | - | ૬૮ |
| ૪) | મણીબહેન મણીલાલ ધારીયા ડિસ્પેન્સીગ વિભાગ | - | ૨૬૩૮૧ |
| ૫) | મણીલાલ ચંદુલાલ પરીખ એકસ-રે વિભાગ | - | ૫૬૭૦ |
| ૬) | ડો. મોહનલાલ નાથજીભાઈ ધારીઆ પેથોલોજી વિભાગ | - | ૧૦૬૩૩ |
| ૭) | શ્રી ગોકુલનાથજી મંદિર રજત જયંતી ઉત્સવ હેમોગ્લોબીન વિભાગ | - | ૧૬૫૧૪ |
| ૮) | શાંતાબહેન કંચનલાલ છોટાલાલ ગાંધી બ્લડ બાયો કેમેસ્ટ્રી વિભાગ- | - | ૯૮૪૮ |
| ૯) | શ્રી લીલાબહેન કીર્તનલાલ દોશી નેત્ર વિભાગ | - | ૩૮૩૬ |
| ૧૦) | ઈચ્છાબહેન મણીલાલ શાહ (ઝાટ) ઓપરેશન થીયેટર પુનર્રચના<br>સ્વ. પ્રવિણચંદ્ર મણીલાલ શાહ (ઝાટ) ના પરિવાર તરફથી | | |
| ૧૧) | રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ (મેનપુરવાલા) ઓપરેશન થીયેટર | | |
| ૧૨) | મણીબહેન સારંગી ઓપરેશન થીયેટર | - | ૧૨૯૪ |
| ૧૩) | ઈચ્છાબહેન ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) મોબાઈલ વિભાગ | - | ૬૨૦૭ |
| ૧૪) | પ્રવિણાબહેન દિલીપકુમાર ધારીયા (લાલખાં) દંત વિભાગ | - | ૪૮૯ |
| | દંત વિભાગમાં એકસ-રે પાડવામાં આવ્યા | - | ૧૨૧ |
| ૧૫) | મોજીલાલ છોટાલાલ ધારીયા ફીજીઓથેરેપી વીભાગ | - | ૪૦૯ |
| ૧૬) | શાંતાબહેન કાંન્તીલાલ લાલચંદ દોશી ઈ.એન.ટી. વિભાગ | - | ૧૦૯૮ |
| ૧૭) | મણીબહેન ઓચ્છવલાલ ચંદુલાલ પરીખ (બખલી) બાળ વિભાગ | - | ૬૨૭૭ |
| ૧૮) | બાલાસિનોર નાગરિક સહકારી બેન્ક ઓર્થોપેડીક વિભાગ | - | ૪૭૪૨ |
| ૧૯) | પુનમચંદ ચંદુલાલ શાહ (કડકીયા) ઈમરજન્સી વિભાગ | - | ૧૪૯૮ |

| | | |
|---|---|---|
| ૨૦) રમણલાલ જેઠાલાલ કચેરીયા સ્ક્રીન વિભાગ | - | ૨૯૮૫ |
| ૨૧) રમણલાલ ચંદુલાલ મોદી (ચૌધરી)ક્રીટીકલ કેર વિભાગ | - | ૦૨ |
| ૨૨) બાબુલાલ ગરબડદાસ દોશી ટી,બી.વિભાગ | - | ૩૨ |
| ૨૩) ઓચ્છવલાલ ચંદુલાલ પરીખ બર્ન્સ વિભાગ | - | ૧૩ |
| ૨૪) મોહનલાલ લલ્લુભાઈ કડકીયા (મરઘા) સોનોગ્રાફી વિભાગ | - | ૨૦૧૩ |
| ૨૫) લીલાબહેન અને ડો. બાબુભાઈ સાંકરલાલ દેસાઈ ફીજીશીયન વિભાગ | - | ૭૫૫ |
| ૨૬) કાંતિલાલ ચંદુલાલ કડકીયા (ધરીવાલા) એનેસ્થેસીયા વિભાગ | - | ૧૨૯૪ |
| ૨૭) નટવરલાલ ચીમનલાલ પરીખ (રાઠોડીયા) કાર્ડીઓગ્રામ વિભાગ | - | ૫૫૬ |
| ૨૮) લીલાવતી કીરીટકુમાર કડકીઆ ( ફાડીઆ) હેલ્થ ચેકઅપ વિભાગ | - | ૨૩ |
| ૨૯) શ્રીમતી ઈન્દુબહેન રસિકલાલ ધારીઆ (દલાલ) મનોચિકિત્સા વિભાગ | - | ૪૩૭ |

વર્ષ દરમ્યાન સંસ્થાએ આયોજન કરેલા કેમ્પો

### અગિયારમો હૃદયરોગ નિદાન કેમ્પ :

હૃદયના રોગના નિદાનનો અગિયારમો કેમ્પ બાલાસિનોરના વતની અને હાલ વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ, અમદાવાદના ડો. ભૂપેશ ડી. શાહ (કર્ડિયાક સર્જન ) તથા ડો. યોગેશ ગુપ્તા એમ.ડી. મેડીસીન (ઈકો કાર્ડિયોગ્રાફી) ના સાથ અને સહકારથી તા. ૨૯-૦૭-૦૬ ના રોજ યોજવામાં આવ્યો હતો. આ અન્વયે આ કેમ્પમાં ૬૬ દર્દીઓની પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી. જેમાં જરૂરીયાતવાળા દર્દીઓના કાર્ડીયોગ્રામ(ઈ.સી.જી). ૫૪, ઈકો ૩૪ તેમજ પેથોલોજીના જરૂરી ટેસ્ટ ફ્રી કરવામાં આવેલ. આ કેમ્પમાં ઈકો કલર ડોપ્લર મશીનથી કરવામાં આવેલ. તેમજ એન્જીયોગ્રા ફી માટે ૧૫ તથા ટી.એમ.ટી માટે ૨૦ દર્દીઓને વધુ સારવારની સલાહ આપવામાં આવેલ.

### બારમો હૃદયરોગ નિદાન કેમ્પ :

હૃદયના રોગના નિદાનનો બારમો કેમ્પ ડો. ભૂપેશ ડી. શાહ (કાર્યિાક સર્જન) અને ડો. યોગેશ ગુપ્તા (એમ.ડી.મેડીસીન-ઈકો કાડ્રીયોગ્રાફી)ના સાથ અને સહકારથી તા. ૧૭-૧૨-૦૬ ના રોજ યોજવામાં આવ્યો હતો. આ અન્વયે આ કેમ્પમાં ૧૨૮ દર્દીઓની પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી જેમાં જરૂરીયાત વાળા દર્દીઓના ઈસીજી ૯૧, ઈકો ૩૫, એકસરે ૧૫ તેમજ પેથોલોજીના ૧૬ ટેસ્ટ ફી કરવામાં આવેલ. જરૂરીયાતવાળા દર્દીઓને ૫ દિવસની દવા મફત આપવામાં આવેલ. આ કેમ્પમાં કુલ માફી ૨૩૧૪૧ /- ની કરવામાં આવેલ.

### શ્રી નવીનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) પોલીયો અને કૃત્રિમ હાથ-પગ કેમ્પ :

તા. ૧૬-૦૩-૦૭ નારોજ આ કેમ્પ ઓર્થોપેડીક સર્જન ડો. મનિષભાઈ આર. શાહના સાથ અને સહકારથી રાખવામાં આવેલો. આ કેમ્પમાં કુલ ૧૦ દર્દીઓને કૂત્રિમ હાથ-પગ તેમજ કેલીપર્સ આપવામાં આવેલ. સદર કેમ્પમાં ખેડા જીલ્લો, પંચમહાલ જીલ્લો તથા સાબરકાંઠાજીલ્લાના દર્દીઓએ લાભ લીધો હતો.

### ૧૩ મો પોલિયો કેમ્પ :

શ્રી નવીનચંદ્ર મુલજીભાઈ પરીખ (બખલી) પોલીયો અને કૃત્રિમ હાથ પગ કેમ્પ વિભાગમાં તા. ૧૬-૦૩-

૦૭ ના રોજ બારમા પોલીઓ કેમ્પનું આયોજન ઓર્થોપેડીક સર્જન ડો. મનિષભાઈ આર. શાહના સાથ સહકારથી કરવામાં આવેલું જેમાં કુલ ૦૨ દર્દીઓને તપાસવામાં આવેલ અને ઓપરેશન કરવામાં આવ્યા હતા. અને કુલ ૦૧ દર્દીને કેલીપર્સ પુરા પાડવામાં આવ્યા હતા.

## ૧૯ મો શ્રી પુનમચંદ છોટાલાલ દેસાઈ (વકીલ) નેત્રયજ્ઞ :

સહયોગી દાતા યોજના હેઠળ શ્રીમતી ભારતીબહેન રસીકલાલ મોદી (ઠાસરાવાળા ) હસ્તે દીપ્તી અને તુષાર મોદીના સહયોગથી અને ઓપ્થલમિક સર્જન ડો. અરૂણભાઈ ભદેના સાથ અને સહકારથી ''૧૯મો નેત્રયજ્ઞ'' રાખવામાં આવ્યો હતો. બાલાસિનોર ગામ અને તાલુકાના ૪૭ ગામડામાં ફરી કુલ ૧૧૪૮ દર્દીઓને તપાસવામાં આવેલ જે પૈકી કુલ ૩૬૭ દર્દીઓના ઓપરેશન કરવામાં આવેલ જેમા ૩૫૧ નેત્રમણીના અને ૧૬ સાદા મોતિયાનાં ઓપરેશનનો સમાવેશ થાય છે. દરમિયાન દર્દીઓને તથા સાથેના એક સગાને બે વખત જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ઓપરેશન કરાયેલ બધાં દર્દીઓને કાળા ચશ્મા તેમજ શ્રી કીરણકુમાર બાબુભાઈ દોશી રાહત ફંડ તથા અભ્યુદય ટ્રસ્ટના સહયોગથી ચોરસા વિતરણ કરવામાં આવ્યા હતા.

## ૧૦ મો ચશ્મા શિબીર :

હોસ્પિટલમાં દશમા ચશ્માના વિતરણ કેમ્પનું આયોજન તા. ૧૦-૦૩-૦૭ અને ૧૧-૦૩-૦૭ ના રોજ ચાર શુભેચ્છક ભાઈઓના સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં ૮૫૩ વ્યક્તિઓને વિના મુલ્યે ચશ્મા આપવામાં આવ્યા હતા. ચાલુ વર્ષે બે ગામો ગુંથલી અને ગુંદેલા મુકામે રાખવામાં આવેલ. આ કેમ્પ મેસર્સ કે. મનોહર એન્ડ કંપની, મુંબઈનાં સાથથી કર્યો હતો.

## તૃતીય ડાયાબીટીસ નિદાન કેમ્પ :

કુસુમબહેન રસીકલાલ અને રસીકલાલ મણીલાલ લાકડાવાળા પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ ચાલુ વર્ષમાં ઉપરોક્ત ટ્રસ્ટ તરફથી રૂા. બે લાખ એકાવન હજારનું દાન ડાયાબીટીસ નિદાન નામકરણ માટે મળેલ છે. સંસ્થા દાતાનો આભાર માને છે અને ઉપરોક્ત કેમ્પનું આયોજન કરશે.

હોસ્પિટલમાં ડાયાબિટીસ નિદાન અંગેનો તૃતીય કેમ્પ તા. ૧૮-૦૩-૦૭ ના રોજ રાખવામા આવેલ. આ કેમ્પમાં ડો. શિશિરભાઈ પી. ગાંધી (એમ.ડી.મેડીસીન) અશ્વીની મેડીકલ સેન્ટર, આણંદ તેમજ બીજા સહયોગી ડોકટરોની ટીમે સેવા આપેલ. આ કેમ્પમાં કુલ ૮૪ દર્દીઓને તપાસવામાં આવેલ. જેમાં મફત ઈ.સી.જી. તેમજ ડાયાબીટીસ માટે જરૂરી ટેસ્ટ જેવા કે આંખના પડદાને થતું નુકશાન, પગની નશો માટે ડોપ્લર ટેસ્ટ વિગેરે ફ્રી કરવામાં આવેલ.

## સ્ત્રી રોગ નિદાન તથા ઓપરેશન કેમ્પ :

હોસ્પીટલમાં સ્ત્રીઓને લગતા તમામ-પ્રકારના રોગનું નિદાન તેમજ ઓપરેશન જેવાં કે ગર્ભાશયની કોથળી કાઢવાનું, નીચેથી કોથળી કાઢવાનું કુટુંબ નિયોજનનું તેમજ સીઝેરીયન (ઉપરથી બાળક લેવાનું) ઓપરેશન અંગેનો એક કેમ્પ તા. ૨૯-૦૭-૦૬ ના રોજ રાખવામાં આવેલો. આ કેમ્પમાં ગાયનેક ડો. રાનૂ વાર્ષ્ણેય (એમ.ડી.ડી.જી.ઓ) એ કુલ ૩૧ દર્દીઓને તપાસેલા. આ કેમ્પમાં કુલ ૧૫ (પંદર) દર્દીઓના ઓપરેશન ફ્રી કરવામાં આવેલ. જેમાં એક્ષ-રે, લેબોરેટરી, ઓપરેશન તથા ઈનડોર મફત કરવામાં આવેલ. જરૂરીયાતવાળા

દર્દીઓને દવામાં પણ રાહતમાં આપવામાં આવેલ.

આ વર્ષમાં બીજો ગાયનેક કેમ્પ તા. ૧૨-૧૨-૦૬ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૨૯ દર્દીઓ તપાસેલા તે પૈકી ૯૭ દર્દીઓના પેથોલોજી ટેસ્ટ, ૪૨ ઈ.સી.જી. ૮૮ એકસ-રે ફ્રીકરવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૫૫ ઓપરેશન ફ્રી કરવામાં આવેલ.

## બીજો અને ત્રીજો ફીજીશીયન કેમ્પ :

હોસ્પીટલમાં અમદાવાદના ખ્યાતનામ ફીજીશીયન ડો. જગદીશ પટેલ (એમ.ડી.મેડીસીન) દ્વારા તા. ૦૮-૧૨-૦૬ ના રોજ એક કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૫૦ દર્દીઓએ લાભ લીધેલ. જેમાં ૪૨ ઈ.સી.જી., ૧૦ પેથોલોજી ટેસ્ટ કરવામાં આવેલ તેમજ જરૂરીયાતવાળા દર્દીઓને પાંચ દિવસની દવા મફત આપવામાં આવેલ.

ત્રીજો કેમ્પ તા. ૧૫-૧૨-૦૬ ના રોજ યોજવામાં આવેલ જેમાં કુલ ૩૭ દર્દીઓએ લાભ લીધેલ જેમા ઈ.સી.જી., ૮ પેથોલોજી ટેસ્ટ ફ્રી કરવામાં આવેલ તેમજ જરૂરીયાતવાળા દર્દીઓને પાંચ દિવસની દવા મફત આપવામાં આવેલ.

## મેજર માઈનોર ઓપરેશન :

હાલમાં હોસ્પિટલમાં સર્જીકલ તેમજ ગાયનેકના ચાલું ઓપરેશન ઉપરાંત હાડકાં વિભાગ, નેત્ર વિભાગ, કાન-નાક-ગળા વિભાગમાં ઓપરેશન થાય છે. જેમા હાડકા વિભાગમાં કુલ ૨૪૦ ઓપરેશન કરવામાં આવેલ હતા. ઈ.એન.ટી. વિભાગમાં કુલ ૧૭ ઓપરેશન કરવામાં આવેલ હતી. કોલ ઓન સર્જરીમાં પ્લાસ્ટીક સર્જન ડો. નિતીન ડી. શાહ(એમ.એસ., એસ.સી.એસ. (પ્લાસ્ટીક) તેમજ લેપ્રોસ્કોપીક સર્જન ડો. રજની કે. સંઘવી (એમ.એસ.લેપ્રો. સર્જરી)ની નિમણુંક કરવામાં આવેલ છે.

## શ્રીમતી લીલાવતી કીરીટકુમાર કડકીઆ (ફાડીઆ) હેલ્થ ચેક-અપ વિભાગ :

આ વિભાગમાં શરીરની સંપૂર્ણ તપાસ અને નિદાન કરવામાં આવેલ છે, જેમા છાતીનો એકસ-રે, કાર્ડીઓગ્રામ, સોનોગ્રાફી, પેથોલોજીને લગતા ટેસ્ટ જેવાકે સી.બી.સી. + ઈ.એસ.આર, લ્બડ સુગર (ફાસ્ટીંગ) બ્લડસુગર (પીપી-પીજી), લીવર પ્રોફાઈલ, ટ્રાઈગ્લીસેરીન્સ, કોલેસ્ટ્રોલ, એચડીએલ કોલોસ્ટ્રોલ, ટોટલ કોલોસ્ટ્રોલ-રેશીયો, રેન્ટલ પ્રોફાઈલ, યુરીયા, એટીનીન, યુરીકા એસીડ, યુરીન રૂટીન વિગેરે કરવામાં આવેલ છે. તથા બધા રીર્પોટ તૈયાર થયા પછી નિષ્ણાંત ડોકટર પાસે તપાસણી કરવામાં આવેલ છે. અને માર્ગદર્શન આપવામાં આવે છે. જેના માટે રૂપિયા ૨૦૦-(બસો) લેવામાં આવે છે. આ વર્ષે કુલ ૨૩ દર્દીઓએ લાભ લીધો હતો.

## લીલાબહેન કીરતનલાલ દોશી નેત્ર વિભાગ :

હોસ્પિટલમાં આ વિભાગમાં અદ્યતન સુવિધા ધરાવતું આંખના નંબરો તપાસવા માટેનું કોમ્પ્યુટર મશીન વસાવેલું છે અને વર્ષ દરમ્યાન કુલ ૨૦૨૫ દર્દીઓને આંખ તપાસીને ચશ્માના નંબર કાઢવામાં આવેલ છે.

## ઓપરેશન પુરક મિતિ યોજના :

ગત બે વર્ષથી જે ઓપરેશન પુરક મિતિ યોજના શરૂ કરવામાં આવી છે તેમાં દાતાઓ રૂપિયા ૭૫૦૦/-

(અંકે રૂપિયા સાત હજાર પાંચસો પુરા) આપી તારીખ લખાવી શકે છે. દરેક વર્ષે તે તારીખે હોસ્પિટલના બોર્ડ ઉપર દાતાએ આપેલ નામ લખવામાં આવે છે. તથા દાતાને પોસ્ટ કાર્ડ દ્વારા તેની જાણ કરવામાં આવે છે. એક તારીખે એક થી વધારે દાતાઓના નામ નોંધવામાં આવે છે. અત્યાર સુધીમાં ૩૨૦ નામો નોંધવામાં આવ્યા છે. દાતાઓને વધારે નામો નોંધાવામાં વિનંતી કરવામાં આવે છે. અમેરીકાવાસી દાતાઓનો પણ આમાં સહકાર મળ્યો છે.

## બાબુલાલ ગરબડદાસ દોશી ટી.બી. વિભાગ :

આ વિભાગમાં આઉટડોર દર્દીઓને દર ગુરૂવારે ફ્રી દવાઓ આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન ૮૫ દર્દીઓને રૂા. ૨,૬૪,૧૩૮ /- ની દવાઓ ફ્રી આપવામાં આવી છે. ટી.બી. પેશન્ટ પુરક સહાય યોજનામાં દાન આપી શકાય છે.

## શ્રી મણીલાલ છગનલાલ મોદી દરદી અતિથી ગૃહ :

દરદી અતિથી ગૃહમાં ઉપરના માળે હાલમાં સ્ટાફ માટે નિવાસ સ્થાન તથા નીચેના ભાગમાં આગળ જણાવ્યા મુજબ એઈડસની જાગૃતિ અંગેના બે સેન્ટરોની યોજનાઓ ચાલે છે.

હોસ્પિટલમાં નીચેના વિભાગો - વોર્ડો સ્થાપવામાં આવ્યા છે.:

શ્રી મણીલાલ ચંદુલાલ કડકીઆ - સ્પેશિયલ વિભાગ, શ્રી જયંતિલાલ મોજીલાલ મોદી - પુરૂષ વિભાગ, શ્રી શેઠ લલ્લુભાઈ નાથજીભાઈ બોરડીવાલા - સર્જિકલ વિભાગ, શ્રી મંજુલાબહેન કાંતીલાલ કડકીયા - સ્ત્રી વિભાગ, શ્રી દશાનીમા નવયુવક મંડળ - સ્પેશિયલ વોર્ડ

શ્રી ચંદનબહેન અને મણીલાલ છોટાલાલધારીઆ (દાઉદીઆ) નિયોનેટલ વોર્ડ :

હોસ્પિટલમાં શ્રી ચંદનબહેન અને મણીલાલ છોટાલાલ ધારીઆ (દાઉદીઆ ) નિયોનેટલ વોર્ડ સ્થાપવામાં આવેલ છે. તેને લગતા તમામ સર્જિકલ ઈન્સટુમેન્ટસ પણ વસાવેલા છે. જે બાલાસિનોર તેમજ આજુબાજુ વસતા ગામડાઓના અધુરા જન્મતા બાળકોને લગતા પ્રસુતિના કેસો માટે આશિર્વાદ રૂપ છે.

## શ્રીમતી કલાબહેન ચીમનલાલ કડકીઆ (બનડા) મેડીકલ સેન્ટર :

મેડીકલ સેન્ટરમાં સ્પેશિયલ રૂમો, ક્રિટીકલ કેર વિભાગ, ટી.બી. વિભાગ, બર્ન્સ વિભાગ આવેલા છે. તદ ઉપરાંત તેમાં અંબાલાલ લલ્લુભાઈ શાહ આરોગ્ય સુવિધા હોલ, શ્રી કાંતિલાલ લ્લુભાઈ કડકીઆ ગ્રાઉન્ડ ફ્લોર અને શ્રીમતી દમયંતીબહેન શશિકાંત કડકીઆ પ્રથમ માળ આવેલા છે.

ગત વર્ષ દરમ્યાન હોસ્પિટલમાં સ્ટાફ ક્વાટર્સ તથા હોસ્પિટલની વચ્ચેની જગ્યામાં એક ગાર્ડન બનાવેલ છે. તેમજ આગળના ભાગમાં ખુલી જગ્યામાં જનરેટર રૂમ તથા પોસ્ટમોર્ટમ રૂમ એક ગાર્ડન બનાવવામાં આવેલ છે. આ બન્ને ગાર્ડનમાં દર્દીઓને સગાઓને બેસવા માટે સિમેન્ટના બાંકડા નંગ ૧૫ (પંદર) શ્રીમતી ઈન્દુબહેન ધારીઆ (દલાલ) તરફતી દાનમાં આવેલ છે તેઓનો ખુબખુબ આભાર માનવામાં આવે છે.

## શ્રી જંયતીલાલ મણીલાલ કડકીઆ (વલ્લભધેલા)
## ગ્રીન ફાઉન્ડેશન સિકંદરાબાદ બ્લડ સ્ટોરેજ સેન્ટર :

ચાલુ વર્ષે શ્રીમતી કોકીલાબહેન જયંતિલાલ કડકીઆ (વલ્લભધેલા) પરીવાર તરફથી બ્લડ સ્ટોરેજ સેન્ટરના

નામકરણ માટે દાન મળેલ છે જેનો ખુબ ખુબ આભાર માનવામાં આવે છે. સદર સ્ટોરેજ સેન્ટર ચાલું વર્ષે કાર્યાન્વીત થઈ ગયેલ છે. તા. ૧૪-૦૬-૦૭ ના રોજ શ્રી કે.જી.પટેલ (ખજાનચીશ્રી, ગુજરાત રાજ્ય શાખા ઈન્ડીયન રેડક્રોસ સોસાટટી) ના વરદ હસ્તે બ્લડ સ્ટોરેજ સેન્ટરનું ઉદઘાટન કરવામાં આવેલ. દાતાશ્રી તરફતી શર્મિષ્ઠાબહેન ચોકસી હાજર રહેલા. આ ઉદઘાટન પ્રસંગે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, બાલાસિનોર આયોજીત એક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલું આ કેમ્પમાં કુલ ૩૪ દાતાઓએ રક્ત દાન કરેલું.

હવેથી જરૂરીયાત પ્રમાણે સેન્ટરમાંથી લોહીના બાટલા મળસે અને જરૂરીયાતવાળા દર્દીઓને શક્ય રાહત આપવામાં આવશે.

## દૂધ યોજના :

હોસ્પિટલમાં દાખલ થયેલ દરેક દર્દીઓને સવાર સાંજ બે વખત વિના મૂલ્યે દૂધ આપવામાં આવે છે..

## હોસ્પિટલમાં વર્ષ દરમ્યાન રાહતો તથા ખોટઃ

જરૂરીયાત વાળા દર્દીઓને વિનામૂલ્યે તેમજ રાહત દરે દવાઓ આપવામાં આવે છે.

હોસ્પિટલમાં વર્ષ દરમ્યાન રૂપિયા ૧૪,૫૫,૪૪૧.૬૩ પૈસાની રાહતો અપાઈ છે. વર્ષ ૨૦૦૫-૦૬ ની ખોટ તથા અગાઉના વર્ષની મળીને સરકારશ્રી તરફથી વર્ષ ૨૦૦૬-૦૭ માં રૂપિયા ૬૯,૨૮,૩૭૦.૦૦ ની ગ્રાંટ મળી છે. જેમાં ૨૦૦૫–૦૬ ના વર્ષની ગ્રાન્ટ રૂા. ૨૬,૧૬,૩૭૦.૦૦ અને ૨૦૦૬-૦૭ ના વર્ષની ગ્રાન્ટ રૂા. ૪૩,૧૨,૦૦૦.૦૦ મળીને કુલ ગ્રાન્ટ મળી છે.

વર્ષ ૨૦૦૬-૦૭ માં હોસ્પિટલમાં રૂા, ૧,૨૫,૮૯,૭૯૧.૦૦ નો વધુ ખર્ચ થયો છે. માન્ય ખર્ચ માટે ગ્રાન્ટ વર્ષ ૨૦૦૭-૦૮ માં મળશે.

## હોસ્પિટલના નિભાવ તથા વિકાસ માટે ટ્રસ્ટને મળેલ દાન :

વર્ષ દરમ્યાન શ્રી બાલાસિનોર સેવા સમાજ તરફથી રૂા. ૬,૦૦,૦૦૦.૦૦ (અંકે રૂપિયા છ લાખ પુરા ) જે રકમ હોસ્પિટલની આવક-જાવક માં દર્શાવાઈ છે તથા અન્ય દાતાઓ તરફથી વિકાસ સાધનદાન તથા ટ્રસ્ટના ભંડોળ માટે રૂા. ૨૪,૨૦,૪૨૦.૦૦ મળી કુલ્લે ટ્રસ્ટ ભંડોળ અંકે રૂા. ૧,૩૯,૫૪,૨૭૪.૦૦ થયું છે. જે સૌ દાતાઓને અભિનંદન.

## પ્રસુતિ વિભાગ ભોજન યોજના

પ્રસુતિ વિભાગની બહેનોને વિનામૂલ્યે ભોજન આપવામાં આવે છે.

સંસ્થાની વિવિધ જરૂરીયાતોમાં દરીદ્રનારાયણોની સેવાકાર્યમાં અનેકવિધ નાણાકીય સ્ત્રોત દ્વારા મળતી મદદ વગર અમારા માટે મુશ્કેલી ઉભી થાય. વિવિધ સંસ્થાઓ, રાજ્ય સરકારની, વ્યક્તિગત દાતાઓ, શુભેચ્છકો તથા સ્થિતીપાત્ર દર્દી વિગેરેની અનેક મદદો મળતી રહે છે.

આજે જ્યારે તબીબ ક્ષેત્રે મોંઘવારીએ માઝા મુકી છે ત્યારે કેવળ સરકારી ગ્રાન્ટ રોજીન્દી આવક ઉપર આવડી મોટી સંસ્થા કેમ કરી નભી શકે ? તેને જરૂર છે દાનવીરોની અને જો આપણા પછાત તાલુકાના ગરીબો અને મધ્યમ વર્ગના તેમજ જરૂરીયાત મંદ દર્દીઓ માટે નાણાનો પ્રવાહ વહેવડાવવામાં ન આવે તો સંસ્થા લાંબુ ટકી શકે

નહિ તે નિર્વિવાદ છે, છતા આપણી હોસ્પિટલમાં આવતા તમામ દર્દીઓ પોતાની જરૂરીયાત મુજબ પ્રાથમિક સારવારથી માંડીને ઓપરેશન સુધી વંચિત ન રહે તે અંગે સંપૂર્ણ કાળજીપૂર્વક સુવિધાઓ આપવા કૃતનિશ્ચયી છીએ.

ચાલુ વર્ષથી ૬ માસનાં હોસ્પિટલ એટેન્ડન્ટ સર્ટીફિકેટ કોર્સ (નર્સિંગ અંગેના) શરૂ કરવામાં આવ્યો છે.

હોસ્પિટલનો રોજબરોજનો વહીવટ બાલાસિનોર ખાતે સ્થાનિક કમીટી સંભાળે છે. સ્થાનિક મંત્રીશ્રી તેમજ સભ્યશ્રીઓ હોસ્પિટલની તમામ સંપૂર્ણ વહીવટ કામગીરી સંભાળે છે.

## ચીરંજીવી યોજના :

બાલાસિનોર ખાતે આપણી હોસ્પિટલમાં સરકારશ્રીની ચિરંજીવી યોજના તા. ૦૪-૧૦-૦૬ થી અમલમાં આવેલ છે. આ યોજના હેઠણ ગરીબી રેખા હેઠળના કુટુંબોની પ્રસુતા બહેનોને નોર્મલ ડીલીવરી અથવા સીજેરીયન (ઓપરેશન કરીને ઉપરથી બાળક લેવું) ઓપરેશનો તદન ફ્રી કરવામાં આવે છે. તેમજ પ્રસુતાને વાહનભાડા પેટે રૂા. ૨૦૦-તથા એટેન્ડન્ટ ચાર્જ પેટે રૂા. ૫૦ રોકડા ચુકવવામાં આવે છે. આ યોજના હેઠળ કુલ ૩૮ દર્દીઓએ લાભ લીધેલ છે. આ યોજના હેઠળ સરકારશ્રી તરફથી એક દર્દી દીઠ રૂા. ૧૭૯૫ /- ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

## લીથોટ્રીપ્સી :

ગુજરાત કીડની એન્ડ સ્ટોન ફાઉન્ડેશન, કલોલ, જી. - ગાંધીનગર, તરફથી પથરીના દર્દીઓ માટે રાહત દરથી લીથોટ્રીપ્સી વાનની સુવિધા શરૂ કરવામાં આવેલ છે. લીથોટ્રીપ્સીની મુખ્ય ખાસીયત વાનમાં ફીટ કરવામાં આવેલું 'ડાયરેકસ અલ્ટીમા'' નામનું લીથોટ્રીપ્ટર છે જે ત્રણ બાજુએથી પથરીને ફોકસકરી તોડે છે આ ટ્રીટમેન્ટ દર્દીને પોસાય એવા ભાવે કે જે ભાવો શહેરની મોટી હોસ્પિટલો કરતા ગણાજ ઓછા છે. આ અંગેના ભાવ પથરીની સાઈઝ સેન્ટીમીટર દીઠ નક્કી કરવામાં આવેલ છે. જે પથરીના દર્દીઓ માટે આશિર્વાદ રૂપ છે.

**ગુજરાત સ્ટેટ એઈડસ કન્ટ્રોલ સોસાયટી, અમદાવાદ સંચાલિત પીપીટીસીટી સેન્ટર (મમતા કલીનીક) તથા આઈસીટીસી સેન્ટર (વાત્સાયન કેન્દ્ર):**

હોસ્પિટલમાં ચાલુ વર્ષે એઈડસની જાગૃતિ અંગેના બે સેન્ટરોની માન્યતા મળેલ છે. આ બન્ને સેન્ટરોમાં GSACS તરફથી બે કાઉન્સીલરો તથા બે.લેબ.ટેક.ની નિમણૂંક કરવામાં આવેલ છે અને તેને લગતી જરૂરી ગ્રાન્ટ પણ તરફથી ફાળવવામાં આવે છે.

## દાતાશ્રીનો સન્માન સમારંભ :

ચાલુ વર્ષે તા. ૨૪-૦૨-૦૭ ના રોજ ટ્રસ્ટને પ્રોત્સાહિત દાન આપનાર નીચેના પાંચ સખાવતી દાતાઓનું સન્માન કરવા માટેનો એક સમારંભ રાખવામાં આવેલો.

૧) શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ, ૨) શ્રીમતી ઈન્દુબહેન રસીકલાલ ધારીઆ (દલાલ), ૩) શ્રી રાજેન્દ્ર કિર્તનલાલ દેસાઈ, ૪) શ્રીમતી સાવિત્રીબહેન ઓચ્છવલાલ મોદી (શહેરાવાળા), ૫) શ્રી ગિરીશ કોદરલાલ કાપડીયા

આ પ્રસંગે પૂજયશ્રી પ્રદયુમનભાઈ શાસ્ત્રી (વડોદરાવાળા ) આર્શીવચન આપવા માટે પધારેલા.

વર્ષ દરમ્યાન અવસાન પામેલા સભ્યોની અમો સખેદ નોંધ લઈએ છીએ. પ્રભુ સદગતના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

### આભાર દર્શન :

આ તકે અમો ગુજરાત આરોગ્ય તરફથી મળેલ ગ્રાન્ટ માટે (જે રકમ હિસાબોમાં દર્સાવેલ છે) તેનો પણ જેટલો આભાર માનીએ તેટલો આછો છે. હોસ્પિટલમાં પોતાની સેવા આપતા મેડીકલ સુપ્રિટેન્ડન્ટ, તમામ ડોકટરશ્રીઓ, વિજીટીંગ ડોકટરો, કોલ ઓન ડોકટરો તથા કર્મચારી ગણ તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર આપનાર સૌનો હાર્દીક આભાર માનીએ છીએ.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ નો જ્યોતિપુજમાં વખતો વખત સમાચાર આપવા માટે આભાર માનીએ છીએ.

હોસ્પિટલમાં હેવી જનરેટર માટેનું વોલ્ટેજ સ્ટેબીલાઈઝર રૂા. ૧૨૦૦૦૦/- નું એક શુભેચ્છક દાતા તરફથી દાનમાં મળેલ છે. જે બદલ સંસ્થા વતી ખુબ ખુબ આભાર માનવામાં આવે છે.

હોસ્પિટલમાં લેબોરેટરી વિભાગમાં માઈક્રોસ્કોપ મશીન રૂા. ૨૦૦૦૦/- ની કિમતનું શ્રીમતી અનુબહેન જ્યોતિવદન તરફતી દાનમાં મળેલ છે. જે બદલ સંસ્થાવતી ખુબ ખુબ આભાર માનવામાં આવે છે.

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજનો ટ્રસ્ટની ટ્રસ્ટમંડળની તેમજ વાર્ષિક સામાન્ય સભા તેઓના કાર્યલયમાં યોજવા માટે પરવાનગી આપવા માટે આભાર માનીએ છીએ.

અંતમાં આપ સૌ સભ્યો આપનો કિમતી સમયનો ભોગ આપી અત્રે પધાર્યા છો તે બદલ ખુબ ખુબ આભાર.

*લી. શ્રી ધીરૂભાઈ શેઠ, શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, માનદમંત્રીઓ.*

---

# બાલાસિનોર વિદ્યામંડળ

## વિદ્યાર્થીનીના સાડાત્રણ વર્ષના નર્સિંગ ટ્રેઈનીંગ કોર્સ માટે અપીલ

બાલાસિનોર વિદ્યાર્થીમંડળની કારોબારી સમિતિની મીટીંગમાં ચર્ચા, વિચારણા બાદ ઠરાવ પસાર કર્યો જે મુજબ જે કોઈ સંસ્થા અથવા વ્યક્તિ એક નર્સના શિક્ષણ માટે રૂા. ૨૫૦૦૦૦/- (અંકે રૂા. અઢીલાખ) આપે તો તે બદલ તેઓની ઈચ્છા મુજબની વ્યક્તિનો એક ફોટો કોલેજના મકાનમાં યોગ્ય ઠેકાણે મુકવામાં આવશે અને આ રકમમાંથી સાડા ત્રણ વર્ષના કોર્સ માટેની ફી એક વિદ્યાર્થીને રાહત પેટે મળશે.

વિદ્યાર્થીની ના આ કોર્સ માટે જરૂરી સિકયોરીટી ડીપોઝીટ તેણીના વાલીએ ભરવી પડશે. વાર્ષિક લગભગ રૂા. ૮૫૦૦૦/- (અંકે રૂપિયા પંચ્યાસી હજાર ) ની ફી અત્યારના ધારા ધોરણ મુંજબ થાય છે. જેમાંથી વાલીએ રૂા. ૨૦,૦૦૦ ભરવા અને બાકીના રૂા. ૬૫ ૦૦૦ બાલાસિનોર વિદ્યામંડળ ફી રાહત રૂપે આપે.

ગયા વર્ષે એક વિદ્યાર્થીની ની અરજી સંસ્થાએ મંજુર કરી અને ફી રાહત આપી તે વિદ્યાર્થીની ૬૫ ટકા (પાંસઠ ટકા) માકર્સ સાથે પહેલા વર્ષમાં ઉત્તીર્ણ થઈ છે.

જે દાતા ની આ યોગદાન આપવાની ઈચ્છા હોય અથવા વધુ માહિતી જોઈતી હોય તેમને સંસ્થાના હોદેદારોનો સંપર્ક કરવા વિનંતી.

*લી. બાલાસિનોર વિદ્યાર્થીમંડળ કારોબારી સમિતિ વતી.*

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ
# સખાવતી દાતાઓને
# જાહેર વિનંતી

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ આપણી જ્ઞાતીના સખાવતી દાતાઓને દાન માટે અપીલ કરે છે.

સમાજના જરૂરીયાતમંદ કુટુંબને વધતી મોંઘવારીમાં વધુ સહાય થઈ રહે એ હેતુથી નીચે મુજબની યોજના રજુ કરે છે.

સમાજની ઓફીસ જે બાબુ ગેનુ રોડ, કાલબાદેવી ખાતે આવેલ છે તેના બે વિભાગ છે (૧) મીટીંગ હોલ અને (૨) કાર્યાલય વિભાગ. આ બન્ને વિભાગના નામકરણ માટે સમાજ દાતાઓને અપીલ કરે છે.

**૧) સમાજના મીટીંગ હોલના રૂા. ૨૧,૦૦,૦૦૦/- નામકરણ માટે. (અંકે રૂપિયા એકવીસ લાખ)**

**૨) સમાજના કાર્યાલય વિભાગના રૂા. ૧૫,૦૦,૦૦૦/- નામકરણ માટે. (અંકે રૂપિયા પંદર લાખ)**

આ રકમ ઓછામાં ઓછી રહેશે. આ દાન માટે આ રકમ અથવા તેથી વધુ દાન આપનાર દાતાનું નામ આ વિભાગમાં મુકવામાં આવશે. આ માટે દાતાઓ આગળ આવે તેવી અમારી ઈચ્છા છે. દાતા સમાજના કાર્યકર્તાને બોલાવી આ બાબતમાં વધુ ખુલાસો કરી શકશે. આ માટે તા. ૩૦-૧૧-૦૭ સુધીની તારીખ નક્કી કરવામાં આવી છે.

આ દાતાના નામની તકતી મીટીંગ હોલ અથવા કાર્યાલય વિભાગમાં મુકવામાં આવશે. તેમજ દાતા ચાહે તો તેનો ફોટો પણ મુકવામાં આવશે. તેમજ સમાજના દરેક લેટર પર તેનું નામ છાપવામાં આવશે અને દરેક જાહેરાતમાં પણ તેના નામનો ઉલ્લેખ કરવામાં આવશે. તેમજ આ વિભાગ દાતાના નામે આજીવન રહેશે. સમાજ ભવિષ્યમાં મોટી ઓફિસ લે, તો પણ આ વિભાગના નામ દાતાઓના નામે જ રહેશે.

સમાજ આપણા સખાવતી દાતાઓને વિનંતી કરે છે અને આ દાન માટે આગળ આવે એવી આશા રાખે છે. આ રકમથી સમાજ આ મોંઘવારીમાં સમાજના જરૂરીયાતમંદ કુટુંબોને વધુ સહાય કરી શકે.

આ બાબત માટે દાતા સમાજના કાર્યકર્તાનો સંપર્ક કરી વધુ બાબત જાણી શકશે.

*પ્રમુખ : યોગેશ ધારીયા*

*ભંડોળ સમિતિ - સંયોજક - વ્રજેશ દેસાઈ*

*મંત્રી - નીતીન ગાંધી - ભદ્રેશ ધારીયા*

---

## મુક્તકો

જીવનને પ્રયત્ન વિણ, જગમાં કશુ મળતુ નથી,
પ્રાર્થના પ્રભુની કરેથી માત્ર, કંઈ મળતું નથી,
પામવાને કાજ, જતું કરવુ પડે, ગમતું ઘણુ,
તે વિના કદિ ધ્યેયની સિધ્ધિ, જગે થાતી નથી.

વરસતા વાદળ સરીખુ, જીવન નિર્મળ જોઈએ,
શોષ કાંઈ રાખ્યા વિના, મન સ્ફૂટિક સરીખુ જોઈએ,
તે વિના કૃપા સાધ્યની કૃપા કદિ વરસે નહિ,
સ્ફટિક મન સંપૂર્ણ રીતે, ઈશ સર્મપિત જોઈએ.

ઈશનું અસ્તિત્વ જગમાં જો હશે,
તેનુ દિલ કોઈ વાતે જો દ્રવતુ હશે,
સ્વાર્થી, કપટી, માનવી નિરખી નહિ,
''ધર્મયુધ્ધ''ના નાદ પર દ્રવતુ હશે.

*- સતીશ ભી. પરીખ (રોકડીયા)*

# સંસ્થા સમાચાર

ચાલુ વર્ષ દરમ્યાન સંસ્થાની ચોથી બેઠક તા. ૧૮ ઓકટોબર ૨૦૦૭ સાંજના ૭.૧૨ કલાકે શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફીસ ખાતે નીચે જણાવેલ મુદ્દાઓ પર ચર્ચા કરવા હેતુસર બોલાવાઈ હતી.

બેઠક સંઘના પ્રમુખ શ્રી. ભદ્રેશ પ્ર. ધારીઆ ના પ્રમુખ સ્થાનેથી મળી હતી. તે ઓ એ બેઠક ના મુદ્દા રજુ કર્યા હતા.

**મુદ્દા નં ૧ -** ચાલુ વર્ષની ત્રીજિ બેઠક ના અહેવાલ નું વાંચન સંઘના સહ મંત્રી શ્રી નીલેશ ન. શાહ એ કર્યું હતુ અને તેને મંઝુર જાહેર કરવામાં આવ્યો હતો.

**મુદ્દા નં ૨ -** ચાલુ વર્ષ દરમ્યાન સંસ્થાની પેટા સમિતિ ટેલિફોન ડીરેકટરી નું પ્રકાશન નો હીસાબ કીતાબ અનીવાર્ય સજોગો વસાત સંઘની આગામી બેઠક સુધી મુલત્વી રખાયો હતો.

**મુદ્દા નં ૩ -** ચાલુ વર્ષ દરમ્યાન સંસ્થાની પેટા સમિતિ નોટબુક રાહત યોજના સમીતી ના સયોજક શ્રી જીતુભાઈ પારેખ એ પોતાની સમીતી નો આવક જાવક નો હિસાબ રજુ કર્યો હતો, તેને મંજુર કરવામાં આવ્યો હતો.

**મુદ્દા નં. ૪ -** પરા વિભાગ (સર્બબન એકટીવીટી)ના સંયોજક શ્રી હેમેન્દ્ર ર. શાહ ના જણાવ્યા મુજબ તેઓની સમિતિનો આગામી કાર્યક્રમ દાંડિયા રાસ તા. ચોથી નવ્હેમ્બર રંગોલી ગાર્ડન બોરીવલી ખાતે યોજવામાં આવનાર છે. શ્રી રાજેન્દ્ર શાંતિલાલ પરીખ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપશે.

**મુદ્દા નં ૫ -** વાર્ષીક રસોત્સવ સમીતી ના સંયોજક શ્રી કીર્તીભાઈ ના જણાવ્યા મુજબ આ વર્ષ દરમ્યાન તા. ૧૮ મી નવેમ્બર ૦૭ ના રોજ ગુજરાતી નાટક ''બુઢ્ઢાએ મારી સીકસર'' બતાવવામાં આવશે, જેના પાસ નુ વીતરણ 4th નવેમ્બર પ્રગતી સમાજની ઓફીસ ખાતેથી સવારના સાડા નવ વાગ્યે આપવામા આવશે. ટીકીટો વહેલો તે પહેલો ના ધોરણે હશે ત્યા સુધી આપવામાં આવશે.

શ્રીમતી. મનોરમાબહેન હસમુખભાઈ ધારીયા, સુરતવાલા આ કાર્યક્રમ ના મુખ્ય મહેમાન હશે.

**મુદ્દા નં. ૬ -** પ્રમુખ સ્થાનેથી

**૧ મહીલા મંડળ ના આગામી કાર્યક્રમો**

- 3rd નવેમ્બર દાંડીયા રાસનો કાર્યક્રમ હીન્દી વિદ્યાભવન ખાતે બપોરે ૨.૩૦ કલાકે ભરતડોસા ની પાર્ટી સાથે.
- ૧૬th નવેમ્બર સ્નેહ સંમ્મેલન તેજપાલ હોલ ખાતે કાર્યક્રમ ''આપ કી ફરમાઈશ''
- લાઈફ મેમ્બરશીપ માટે ૬ નવી એપ્લીકેશન સ્વીકારવામા આવી હતી.

***મંત્રી. શ્રી શીરીષ પરીખ***

***સહ મંત્રી. શ્રી મંજુલ ધારીયા***

---

## વાડાસિનોર પ્રગતિ સમાજ
## કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિમીટેડ

માનનીય શેર-હોલ્ટર ભાઈઓ/બહેનો,

૨૧ મી વાર્ષિક સામાન્ય સભામાં સર્વાનુંમતે પસાર થયેલા ઠરાવ મુજબ ૨૦૦૬-૦૭ ના વર્ષનું ૧૫ ટકા ડીવીડન્ડ જે સભ્યો ન લઈ ગયા હોય તેઓ ને કામકાજના દિવસોમાં બપોરના ૧૨ થી ૪ ના સમય દરમ્યાન સોસાયટી ના કાર્યાલયમાંથી લઈ જવા વિનંતી છે.

***લી. વાડાસિનોર પ્રગતિ સમાજ***

***કો.ઓ.કે.સો.લિમિટેડ, કારોબારી સમિતિવતી.***

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧ ) **જીગ્નેશ સુરેશચંદ્ર શાહ**
જ્યોતિનગર કો.ઓપ. હા. સોસાયટી,
પ્લોટ નંબર-૭૯-૧૧૧/ડી, બ્લોક નંબર-૩૪,
૩ જે માળે, ઓફ આર.ટી.ઓ.લેન, ચાર બંગલા,
અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૩
મો. - ૯૮૨૦૫૩૫૭૬૮.

૨ ) સુધીર ચીમનલાલ ધારીયા
અપર્ણ ડેવલપર્સ
અંજના એપાર્ટમેન્ટ નંબર-૧,
ગ્રાઉન્ડ ફ્લોર, શીંપોલી રોડ, સોની વાડા પાસે,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.
મો. : ૯૮૧૯૮૨૯૨૬૬


૩ ) રીપલભાઈ મહેન્દ્ર કડકીઆ
ઓફીસનું સરનામું : અપર્ણ ડેવલપર્સ
અંજના એપાર્ટમેન્ટ નંબર-૧,
ગ્રાઉન્ડ ફ્લોર, શીંપોલી રોડ, સોનીવાડા પાસે,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.
મો. : ૯૮૩૩૧૨૩૨૬૨

## તેજસ્વી તારલા

- **ચી. જયેતી રીપલ ગાંધી** - આઈ.સી.એસ.ઈ. કોર્સમાં ૮૮.૪ ટકા માર્કસ મેળવી ઉત્તીર્ણ થયેલ છે

## નવા ફોન નંબર

**મહેશચંદ્ર આર. દેસાઈ - કલકત્તા**
✆ : ૦૩૩ - ૩૨૪૨ ૪૧૫૬
**કાંતિલાલ મોજીલાલ કડકિઆ (બનડા)**
✆ : ૨૬૬૩૫૦ (બાલાસિનોર)
મોબાઈલ - ૯૯૭૮૨૩૮૬૬૯
**નિરંજનાબેન જયંતિલાલ કડકિઆ (બનડા)**
✆ : ૨૬૬૩૫૦ (બાલાસિનોર)
મોબાઈલ : ૯૯૭૮૨૩૮૬૬૮



## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| દેસાઈ વિજય ચંદ્રકાન્ત | ૬૨ |
| ગં.સ્વ. ઈંદીરાબહેન સુરેશચંદ્ર કડકિયા (મલમ) | ૬૩ |
| ચીમનલાલ મોજીલાલ મોદી (ગોધરાવાળા) | ૮૩ |
| ગં. સ્વ. કુસુમબહેન મોહનલાલ ધારિયા | ૮૦ |
| પંકજકુમાર કાન્તીલાલ મોદી | ૫૩ |
| ગં.સ્વ. મંજુલાબેન નવનીતલાલ મોદી | ૭૮ |
| ગં. સ્વ.રશ્મીકાંત પ્રવીણચંદ્ર દોશી | ૬૩ |
| દ્વારકેશ ચંદુલાલ શાહ | ૮૧ |
| જગદીશચંદ્ર આદીત્યરામ ત્રિવેદી | ૮૭ |
| પ્રવીણાબેન જગદીશકુમાર મોદી (ભટ્ટી) | ૫૯ |

## ચક્ષુદાન મહાદાન

**મૃત્યુબાદ, ચક્ષુદાન બે વ્યક્તિને**
**દૃષ્ટિ આપી શકે છે.**
**આંખરૂપી રત્નોને અગ્નિદાહમાં ન હોમતાં,**
**સંપર્ક કરો - ટે.નં. - ૧૯૧૯**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

નવેમ્બર - ૨૦૦૭'

છુટક નકલ રૂા. ૧/-


જેમ દરીયો પોતાના નકામા શંખો તથા છીપલાને કિનારે ફેંકી મહામુલા મોતી જેવાં રત્નોને સમાવી લે છે તેમ, આપણે સૌ આપણાં અહંકાર, ક્રોધ, માન, માયા તથા મારા-તમારાની ભાવનાને નવા વર્ષના ઉમળકા ભર્યા મોજામાં કિનારે ફગાવીએ. જેમ સમુદ્ર જળચરોના વિષને સમાવી લે છે તેમ, જીવનમાં જે ખરાબ બની ગયુ તે ભુલીને સુસંસ્કાર, સુવિચારો સમાવીએ. આંખને રૂપાળું ગમે, કદરૂપું ન ગમે, કાનને સંગીત ગમે, ઘોંઘાટ ન ગમે, જીભને મધુર ભાવે, કડવું ન ભાવે, મનને સુખ ગમે, દુઃખ ન ગમે.

ટૂંકમાં અનુકૂળ સંવેદના ગમે અને પ્રતિકુળ સંવેદના ન ગમે. **Life is a Challenge** દરેક પરિસ્થિતીનો સામનો વિવેક બુધ્ધીથી કરવાનો છે. **''મુન્નાભાઈ M.B.B.S.''** ની કોઈ જાદુકી જપ્પી આપણને મળવાની નથી. **''કોઈ મિલ ગયા''**નું જાદુ આપણા જીવનમાં કોઈ ગ્રહ ઉપરથી આવીને આપણને મદદ કરવાનું નથી... એટલે જ.... ચાલોને આપણે થોડુક માણસ માણસ રમીએ.... થોડુક નમીએ... થોડુક ખમીએ..... અને એકબીજાને ગમીએ... અને સુખદુ:ખમાં એકબીજાને કહીએ તું ફિકર ના કર... **''મે હૂં ના''**

આવા માનના મણિગર બની આપણા તનનાં કોડીયામાં રહેલી મનની વાટને સ્નેહનાં ઘી માં ઝબોળીને જ્ઞાનની જ્યોત જલાવીએ એજ નૂતન વર્ષની શુભકામના સાથે.....

## નવા વર્ષના સાલ મુબારક

*(સંકલન)*

# SHREE BALASINOR NAVYUVAK SANGH

## TOWARDS THE CELEBRATION OF
## 40 YEARS OF OUR CRICKET.
## WE ARE JOINING
## THE WORLD CUP CHAMPION INDIA TEAMS CELEBRATION AND ARE INTRODUCTING FOR THE FIRST TIME IN HISTORY OF BALASINOR CRICKET

## 20 --------------------------20

WITH CONSENT OF DONERS OF SINGLE WICKET TOURNAMENT **SHRI MULJIBHAI DHARIA LALKHA** AND DOUBLE WICKET TOURNAMENT **SHRI POONAMBHAI KADAKIA BERA**, THIS YEAR WE ARE PLAYING 20---20 FOUR TEAMS WILL BE MADE OUT OF TOTAL NO.OF ENTRY RECEIVED

AND 2 TEAMS EACH WILL PLAY SEMI FINAL

1ST SEMI FINAL ON 16-12-07 SUNDAY 9.30 AM ONWARDS, 2ND SEMI FINAL ON 16-12-07 SUNDAY 1.30PM ONWARDS FINALS WILL BE PLAYED ON 23-12-07 2.00PM ONWARDS. BEFORE THE FINALS ON 23-12-07 SUNDAY WE ARE GOING TO SEE ENTERTAINNING CRICKET AGAIN 20---20 FROM OUR VETERANS ABOVE 45 YEARS OF AGE AND WHO HAVE PLAYED ON LOCAL TOURNAMENT IN PAST.

PRIZES WILL BE GIVEN IN DIFFERENT CATAGORIES AT THE VENUE. WINNING TEAM WILL BE HONOURED BY CITATION.

PLEASE GIVE YOUR NAME ALONG WITH RS. 100/- ONLY AT FOLLOWING DATE : 19-11-07 TO 30-1-07 (FIRST COME FIRST)

**NITIN J.PARIKH :** UNITED INDUSTRIAL AG., 60/ABDUL REHMAN STREET.

***CONVEYOR - RUPIN P. KADAKIA (BERA)***